RNI NO. GUJGUJ/2015/64872

SINCE - 1968

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-1, Issue No-11 | Ahmedabad, Sunday 05/06/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



મોઢેરાનું પ્રસિદ્ધ સૂર્યમંદિર ૨



વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાના વિકાસ માટેના સૂચનો ૩



ના, હું તો ગાઈશ જ! ૪



બાળકોને પણ ફાયદાકારક યોગ ૫



વેકેશન ૨૦૧૬ (ગાંધી કોર્પોરેશન) ૬-૭



શિક્ષણવિદ્દો દ્વારા 'નીટ' અંગેના અભિપ્રાય ૧૨

# ભારત દેશને મળી તેની પોતાની GPS સિસ્ટમ. "NAVIC."

આ ડિજિટાઈઝડ વિશ્વમાં હવે આપણે બીજા પર આધાર રાખવાની જરૂર નથી. અહીં ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૯માં જ્યારે કારગીલ યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે ભારતે પાકિસ્તાની સેનાનું લોકેશન જાણવા માટે અમેરિકાથી જીપીએસ સેવાની માંગણી કરી હતી ત્યારે અમેરિકાએ ભારતને આંકડા આપવાની ના પાડી દીધી હતી. ત્યારથી ભારતીય અંતરિક્ષ વૈજ્ઞાનિકો સ્વદેશી જીપીએસ બનાવવાના પ્રયત્નમાં લાગી ગયા હતા. જીપીએસ પ્રણાલીને પૂર્ણ રીતે ૧૭ વર્ષની મહેનત પછી ભારતે પોતાની GPS સિસ્ટમ લોન્ચ કરી.

દેશના સાતમા અને અંતિમ નેવિગેશનલ સેટેલાઈટને લોન્ચ કરી ઈસરોએ અંતરિક્ષ ક્ષેત્રે મોટી સફળતા પ્રાપ્ત કરી છે. શ્રી હરિકોટાથી પીએસએલવી - સી ૩૩ થી IRNSS-1G લોન્ચ કર્યો. ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દિલ્હીથી વીડિયો કોન્ફેરન્સના માધ્યમથી આ મિશન પર નજર રાખી રહ્યા હતા. મોદીજીએ વૈજ્ઞાનિકોને આ અનોખી સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યાં હતાં. ભારતીય વૈજ્ઞાનિકોએ ૧૨૫ કરોડ દેશવાસીઓને અમૂલ્ય ભેટ આપી છે. વડાપ્રધાને કહ્યું હતુ કે ટેકનોલોજીની મદદથી સામાન્ય જીવનમાં પરિવર્તન લાવી શકાય છે. આ સાથે જ તેમણે આ વ્યવસ્થાને નાવિક સિસ્ટમ એવું નામ આપ્યું હતું. આ સેટેલાઈટની મદદથી ભારત મૂળ વિસ્તારોનું યોગ્ય લોકેશન (સ્થાન) જાણી શકશે અને સાથે જ ટ્રાફિક પણ અત્યંત સરળ બની જશે. લાંબું અંતર કાપનાર દરિયાઈ વહાણો અને માછીમારોની સદીઓ જૂની દરિયો ખેડવાની પરંપરાને પણ આ સિસ્ટમથી ઘણી મદદ થઈ શકશે. ભારતે 'મેક ઈન ઈન્ડિયા', મેડ ઈન ઈન્ડિયા અને મેડ ફોર ઈન્ડિયા, દ્વારા ભારતીયોનું સ્વપ્ન સાકાર કર્યું છે. આ સિદ્ધિ સાથે જ ભારત અમેરિકા અને રશિયાની કલબમાં સામેલ થઈ ગયું છે.

મોદીજીએ વધુ ઉમેરતાં કહ્યું હતું કે, હવે આપણા માર્ગો આપણે જાતે નક્કી કરીશું. કઈ રીતે જવું છે, ક્યાં પહોંચવું છે એ આપણી ટેકનોલોજીના માધ્યમથી થઈ શકશે.

લગભગ ૨૦ મિનિટની ઉડાનમાં પીએસએલવી-સી-૩૩-૧૪૨૫ કિલોગ્રામ વજન ધરાવતું આઈઆરએનએસએસ-૧ સેટેલાઈટ ૪૯૭.૮ કિલોમીટરની ઊંચાઈ પર સ્થાપિત કરવામાં આવ્યું. પીએસએલવી ઘન અને પ્રવાહી બળતણ દ્વારા ચાર ચરણોવાળું પ્રક્ષેપણ યાન છે. આઈઆરએન એસએસ-૧જી ઉપયોગકર્તાઓ માટે ૧૫૦૦ કિલોમીટર સુધીના વિસ્તારમાં દેશ અને આ ક્ષેત્રની સ્થિતિની સચોટ માહિતી આપશે. આ દરેક સેટેલાઈની કિંમત લગભગ ૧૫૦ કરોડ રૂપિયા છે. વળી પીએસએલવી એક્સએલ લોન્ચ વ્હિકલનો ખર્ચ ૧૩૦ કરોડ રૂપિયા છે. આ પ્રમાણે સાત લોન્ચ વ્હિકલનો કુલ ખર્ચ ૯૧૦ કરોડ રૂપિયા કહેવામાં આવી રહી છે.

### IRNSS બે સેવાઓ પૂરી પાડશે

IRNSS બે પ્રકારની સેવાઓ પૂરી પાડશે જેમાં એક સ્ટાન્ડર્ડ પોઝિશનીંગ સર્વિસ તથા બીજી રિસ્ટ્રીકટેડ સર્વિસનો સમાવેશ થાય છે. શરૂઆતમાં તમામ ઉપભોક્તાઓને આ સેવાઓનો લાભ મળી શકશે પરંતુ ત્યારબાદ માત્ર ઓથોરાઈઝડ ઉપભોક્તાઓને જ ઈનક્રીપ્ટેડ સર્વિસનો લાભ મળશે. આ દરમ્યાન ઈસરો સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમ માટે ફ્રન્ટ એન્ડ રેડિયો ફ્રિકવન્સી ચિપ્સના નિર્માણ પર કામ કરી રહી છે. ઈસરોના ચેરમેન એ.એસ. કિરણકુમારે જણાવ્યું હતું કે આ પ્રાથમિક વર્ઝન ૨૦૧૬ સુધીમાં તૈયાર થઈ જશે.

નેવિગેશન ઉપગ્રહની બીજી અંતિમ અને મહત્ત્વપૂર્ણ કડી એટલે IRNSS-1G

ભારત અત્યાર સુધી છ સ્થાનિક નેવિગેશન સેટેલાઈટ્સ લોન્ચ કરી ચૂક્યું છે. જે અનુક્રમે આ પ્રમાણે છે. પહેલી IRNSS -1 જુલાઈ ૨૦૧૩માં, બીજો IRNSS 1લી એપ્રિલ, ૨૦૧૪માં ત્રીજો IRNSS-1 1 ઓક્ટોબર, ૨૦૧૪માં ચોથો સેટેલાઈટ IRNSS 1-ડી માર્ચ ૨૦૧૫માં, પાંચમો IRNSS 1લી જાન્યુઆરી, ૨૦૧૬માં અને છઠ્ઠો IRNSS- 1-એફ સેટેલાઈટ એફ ૧૦ માર્ચે લોન્ચ કરવામાં આવ્યો હતો. ચાર ઉપગ્રહ IRNSS પ્રણાલીને કામ શરૂ કરવામાં સક્ષમ કરશે તો અન્ય ત્રણ ઉપગ્રહ તેને વધુ ચોક્કસ અને કુશળ બનાવશે. અંતરિક્ષ એજન્સીએ કહ્યું કે, IRNSS-1જીના પ્રક્ષેપણ અને કામ શરૂ કરવાથી IRNSS એ સમૂહ પૂરો થઈ જશે.
























# મોઢેરાનું પ્રસિદ્ધ સૂર્યમંદિર

આપણા દેશમાં દેવ તરીકે 'સૂર્ય'ની ઉપાસના અનાદિકાળથી થતી આવી છે. સૂર્યમંદિર તેનું ઉત્કષ્ટ ઉદાહરણ છે.

મોઢેરાનું સૂર્ય મંદિર વિશ્વ પ્રસિદ્ધ છે. જે અમદાવાદથી લગભગ સો કિલોમીટરનાં અંતરે અને પાટણ શહેરથી આશરે ૩૦ કિલોમીટર જેટલા અંતરે આવેલા મોઢેરા ગામમાં આવેલું છે. આ સૂર્યમંદિર સ્થાપત્ય કળા અને શિલાકામનો અજોડ નમૂનો પ્રસ્તુત કરે છે. જોકે હાલના સમયમાં આ મંદિરમાં પૂજા કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.



સૂર્યમંદિરની સ્થાપના સોલંકી વંશના રાજા ભીમદેવ સોલંકી પ્રથમ દ્વારા ઈ.સ. ૧૦૨૬માં કરવામાં આવી હતી. આ મંદિર બાવન સ્તંભ ઉપર બનાવવામાં આવ્યું હતું. આ બાવન સ્તંભ વર્ષનાં બાવન અઠવાડિયાનાં પ્રતીક છે. આ મંદિરની સૌથી મોટી ખાસિયત એ છે કે સમગ્ર મંદિરના નિર્માણમાં ક્યાય પણ ચુનાનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. બાવન સ્તંભો પર શ્રેષ્ઠ કારીગરીના વિવિધ દેવી-દેવતાઓના ચિત્રો અને રામાયણ અને મહાભારતના પ્રસંગોને કોતર્યા છે. આ સ્તંભોને નીચેની તરફ જોતાં તેઓ અષ્ટકોણાકાર અને ઉપરની તરફ જોતા એ ગોળ દેખાય છે.

સ્કંદપુરાણ અને બ્રહ્મપુરાણ અનુસાર એવી માન્યતા છે કે જ્યારે ભગવાન શ્રીરામે લંકાના રાજા રાવણનો વધ કર્યા બાદ પોતાના ગુરૂ વશિષ્ઠને એક એવું સ્થાન બતાવવાનું કહ્યું જ્યાં જઈ તેઓ પોતાના આત્માની શુદ્ધિ અને બ્રહ્મ હત્યાના પાપથી (રાવણ બ્રાહ્મણ હતા) મુક્તિ મેળવી શકે. ત્યારે ગુરૂ વશિષ્ઠે તેમને ધર્મારણ્ય જવા કહ્યું. જે હાલના મોઢેરા નજીક હતું. ધર્મારણ્યમાં રામે મોઢેરાગામ સ્થાપ્યું અને ત્યાં યજ્ઞ કર્યો. ત્યારબાદ ત્યાં સીતાપુર ગામની સ્થાપના થઈ જે બેચરાજી મોઢેરાથી ૧૫ કિ.મી. દૂર હતું. પછીના સમયમાં આ ગામ મોઢેરા તરીકે ઓળખાવા લાગ્યું.

સૂર્ય મંદિરની સ્થાપનાનો સમય એ સમય હતો જ્યારે સોમનાથ અને આજુબાજુનો વિસ્તાર મહમંદ ગઝનીના આક્રમણ હેઠળ હતો. જોકે સોલંકીઓએ થોડા સમયમાં જ પોતાની સત્તા ફરીથી મજબૂત કરી અને અણહિલવાડ પાટણની મહત્તામાં વધારો થયો.

ભારતમાં ત્રણ સૂર્ય મંદિર છે. જેમાં પહેલાં ઉડીસાનું કોણાર્ક મંદિર, બીજું જમ્મુ સ્થિત માર્તંડ મંદિર અને ત્રીજું ગુજરાતનું મોઢેરાનું સૂર્ય મંદિર.

આ મંદિરનું નિર્માણ કંઈક એ રીતે કરવામાં આવ્યું છે કે જેમાં સૂર્યોદય થતાં સૂર્યની પહેલી કિરણ મંદિરના ગર્ભગૃહ પર પડે. સભામંડપની આગળ એક વિશાળ કુંડ આવેલું છે. જેને લોકો સૂર્યકુંડ કે રામકુંડના નામે ઓળખે છે.

કોણાર્કમાં આવેલું સૂર્યમંદિર પણ વિશ્વવિખ્યાત છે. આ મંદિર ભૂવનેશ્વરથી ૩૨ કિ.મી. દૂર આવેલું છે. જેને ૧૩મી સદીમાં રાજા નરસિંહ રાવ પહેલા એ બનાવડાવ્યું હતું.

મંદિરનો આકાર એક વિશાળ રથ સમાન છે. જેને સાત દોડતા ઘોડાઓ જોડવામાં આવ્યાં હોય તેવું દેખાય છે.

(મંદિરમાં ભગવાન સૂર્ય પદ્માસનસ્થ છે. આ મંદિર સૂર્યદેવ (અર્ક)ને સમર્પિત હતું, જેમને સ્થાનીય લોકો બિરંચી નારયણ કહેતાં હતાં. આ જે ક્ષેત્રમાં સ્થિત હતું તેને અર્ક-ક્ષેત્ર કે પદ્મ-ક્ષેત્ર કહેવાતું હતું.)

મંદિરની બંને બાજુ ૧૨ વિશાળ પૈંડાઓ છે. શિખરનો ઉપરનો ભાગ તૂટી ગયેલો છે. તેમ છતાં મંદિરની ઊંચાઈ ૨૦૦ ફૂટ જેટલી છે. આખું મંદિર કોતરણીથી ભરેલું છે. મંદિર પાસે ચન્દ્રભાગા નામની એક સૂકાઈ ગયેલી નદી છે.

પુરાણની કથા અનુસાર શ્રીકૃષ્ણના પુત્ર સામ્બને તેમના શ્રાપથી કોઢ રોગ થયો હતો. સામ્બે મિત્રવનમાં ચન્દ્રભાગા નદીના સાગર સંગમ પર કોણાર્કમાં તપસ્યા કરી. બાર વર્ષ સુધી તપસ્યા કર્યા પછી સૂર્યદેવ પ્રસન્ન થયાં. સૂર્યદેવ જે બધાં રોગોના નાશક છે, તેમણે સામ્બના રોગોનો પણ નાશ કર્યો.

આ પ્રક્રિયા બાદ સામ્બે એક મંદિર નિર્માણનો નિશ્ચય કર્યો. પોતાના રોગ નાશ પછી તેને ચન્દ્રભાગા નદીમાં સ્નાન કરતા સૂર્યદેવની મૂર્તિ મળી. આ મૂર્તિ દેવ શિલાશ્રી, વિશ્વકર્મા એ બનાવી હતી. સામ્બે પોતાના બનાવેલ મિત્રવનમાં એક મંદિરમાં આ મૂર્તિની સ્થાપના કરી ત્યારથી આ સ્થાન પવિત્ર મનાવા લાગ્યું.





## પદ્મશ્રી લોકગાયિકા દિવાળીબેન ભીલનું નિધન

દિવાળીબેન ભીલનો જન્મ ૨ જૂન, ૧૯૪૩માં અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં દલખાણિયા ગામે થયો હતો. દિવાળીબેનનાં પિતા પુંજાભાઈ રેલવેમાં નોકરી કરતાં હતાં જ્યારે માતા મોંઘીબેન ગૃહિણી હતા. દિવાળીબેન નવ વર્ષના હતા ત્યારે તેમનાં પિતાને જૂનાગઢ રેલવેમાં નોકરી મળતાં તેમનો પરિવાર જૂનાગઢ આવીને વસ્યો હતો. પુંજાભાઈએ જૂનાગઢ આવી પુત્રી દિવાળીબેનને રાજકોટ પરણાવ્યા હતા. પરંતુ પુંજાભાઈને વેવાઈ સાથે વાંધો પડતાં દિવાળીબેનનાં લગ્ન તોડી નાંખ્યા હતાં. દિવાળીબેન માત્ર બે દિવસ સાસરે રહ્યાં પછી પિયર પરત આવી ગયાં. અને ભાઈ સાથે જૂનાગઢમાં રહેવા લાગ્યાં. ત્યારપછી તેમણે ક્યારેય લગ્ન કરવાનો વિચાર નહોતો કર્યો.



દિવાળીબેન અભણ હોવા છતાં દિવાળીબેન દવાખાનાનું તમામ કામ કરી જાણતા હતા. ઉપરાંત બાલમંદિરમાં નોકરી કરી, નર્સોને ત્યાં રસોઈ બનાવવા જેવી નોકરીઓ પણ કરી હતી.

એક સારા ગાયક કે ગાયિકા બનવા માટે સંગીતની તાલીમ લેવી ખૂબ જરૂરી બને છે. પરંતુ અમુક વ્યક્તિઓને કુદરતી બક્ષિસમાં આ બધી વસ્તુઓ મળેલી હોય છે. જેના કારણે કોઈ પણ રીતની તાલીમ લીધા વગર જ તેઓ ખૂબ સુંદર રીતે તે કામ કરી શકતા હોય છે. તેવા એક ઉત્તમ ગાયિકા ગુજરાત પાસે પણ હતા. સંગીતને લગતી આવી કોઈ તાલીમ તેમણે લીધી નથી છતાં તેમનાં કંઠની મીઠી હલકે શ્રોતાઓને ડોલાવી છે. તદ્દન નિરક્ષર એવા આ આદિવાસી કલાકારે ગુજરાતનાં ભુલાઈ જતા લોકગીતોને પોતાનો કંઠ આપીને ઘરે ઘરમાં ગુંજતા કર્યા. તેમણે કારણે 'મારે ટોડલે બેઠો રે મોર ક્યાં બોલે.', 'હું તો કાગળિયા લખી લખી થાકી' જેવા લોકગીતો યુવાપેઢીમાં પરિચિત થયા. તે હતા ગુજરાતી ભજન, પાર્શ્વ ગાયિકા અને લોકગીત ગાયિકા દિવાળીબેન ભીલ.

દિવાળીબેનનો તીણો અવાજ અને ઘેરો લહેકો તળપદી ગીતોને માધુર્ય બક્ષે તેવો હતો. આથી તેઓ નવરાત્રીનાં તહેવારમાં વણઝારી ચોકની ગરબીમાં ગરબા ગવડાવતાં. બાળપણથી લોકગીતો, ભજનો ગાવાનો શોખ હતો. તેમજ તેમનો કંઠ મધુર હતો. આથી વણઝારી ચોકની ગરબી લોકોમાં ખુબ પ્રિય બની ગઈ હતી. નવરાત્રીનાં સમયે આકાશવાણીનાં ઉચ્ચ અધિકારીઓ અને ગાયક સ્વ. હેમુ ગઢવી નવરાત્રીનું રેકોર્ડિંગ કરવા જૂનાગઢ આવ્યાં હતાં. ત્યારે સૌપ્રથમ વાર લોકોએ દિવાળીબેનનો અવાજ સાંભળ્યો હતો.

આપણા ભુલાતા જતા લોકગીતો અને લોકસંગીતને પુર્નજીવિત કરવા બદલ ૧૯૯૧માં ભારત સરકારે તેમને એવોર્ડથી સન્માનિત કર્યા હતાં.

લાંબી બિમારીના કારણે દિવાળીબેન ભીલ હમણાં ૧૯મી મે, ૨૦૧૬ના રોજ અવસાન પામ્યા અને ગુજરાતે એક ખૂબ સૂરિલા કલાકારને ગુમાવ્યા.

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાના વિકાસ માટેના સૂચનો

સર્જનાત્મકતા એ વ્યક્તિની એવી શક્તિ છે કે જેના દ્વારા તે કોઈ નવી બાબતની શોધ કરે છે. સંપૂર્ણ કે આંશિક રીતે નવા પદાર્થ કે વિચારોનું સર્જન કરે છે, નવા અવલોકનો કે અનુમાનો જણાવે છે, નવા તારણો શોધી કાઢે છે અથવા કોઈ નવા પદાર્થનું નિર્માણ કરે છે. આ બધા કાર્ય કરવા માટે વ્યક્તિ જેનાથી પરિચિત હોય તેવા પ્રાપ્ય વિવિધ ઘટકોનું પુનર્ગઠન કરે છે અથવા તેવા ઘટકોનું જાતે નિર્માણ કરે છે.

ટૂંકમાં સર્જનાત્મકતા એ નવસર્જન સાથે સંકળાયેલ છે. આ નવસર્જન સંપૂર્ણ અથવા આંશિક પણ હોઈ શકે છે. આ નવસર્જન દ્વારા કોઈ સમસ્યાનો નિકાલ પણ આવી શકે છે.

શાળામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાના વિકાસ માટે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

### ૧. સ્વતંત્રતા પૂરી પાડવી :

સર્જનાત્મક ચિંતન માટે સૌથી વધુ અનિવાર્ય છે સ્વતંત્રતા. પરંપરાગત રીતે જીવવાથી કે અભ્યાસ કરવાથી સર્જનાત્મકતાનું ચિંતન કરી શકાતું નથી. તેના કારણે સર્જનાત્મક કાર્યો પણ થઈ શકતા નથી. મોટા ભાગે શિક્ષકો અને વાલીઓ બાળકો પાસેથી પરંપરાગત રીતે અભ્યાસ કરવાની અપેક્ષા રાખે છે. તેમના નવા વિચારો કે જ્ઞાનાત્મક પ્રશ્નો પ્રત્યે પૂરતું ધ્યાન આપતાં નથી. જેના પરિણામે બાળકોની સર્જનાત્મકતા નાશ પામે છે. તેઓ બીબાઢાળ જીવન જીવવા લાગે છે. તેમની સર્જનાત્મક શક્તિઓનો વિકાસ કરવા માટે તેમને મુક્ત વાતાવરણ પુરું પાડવું જોઈએ.

બીજુ, સર્જનાત્મકતા માટે સ્વયં સ્ફુરણા પણ ખૂબ જ જરૂરી છે. જો બાળકને આંતરિક પ્રેરણા ના મળે તો તે સર્જનાત્મક ચિંતન કરી શકશે નહીં. તેથી જ શાળામાં એવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ કે જેથી બાળકોની આંતરિક શક્તિઓનો યોગ્ય ઉપયોગ થઈ શકે. તેની સ્વયંસ્ફુરણાને પ્રોત્સાહન આપવા માટે તેને પ્રશ્નો પૂછવાની તક આપવી જોઈએ અને તેના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવું જોઈએ.

સમસ્યાઓના ઉકેલ માટે તેમને તેમની રીતે વિચારવાની પૂરતી તક આપવી જોઈએ. સારા પુસ્તકોના વાચન માટે વિદ્યાથીઓને પ્રોત્સાહન આપવું જોઈએ અને સાથે સાથે તેમને સારા પુસ્તકાલયની સુવિધા પૂરી પાડવી જોઈએ. તેમની સામે વિવધ વિષયોને લગતાં પ્રયોગો કરાવવા જોઈએ જેથી તેમને પણ કાંઈ નવું કરવાની પ્રેરણા મળે. એવી શિક્ષણ પધ્ધતિઓનો વર્ગખંડના ઉપયોગ કરવો જોઈએ કે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓને વધુમાં વધુ સમય સુધી સક્રિય રાખી શકાય અને ચર્ચામાં સાંકળી શકાય. ચીલાચાલુ પધ્ધતિથી શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓની આંતરિક સ્ફુરણા અને સરવાળે તેમની સર્જનાત્મકતાનો વિકાસ કરી શકાતો નથી.

થોમસ આલ્વા એડિસન તેમની શાળાની ચીલાચાલુ શિક્ષણ પધ્ધતિથી નારાજ હતાં કારણ કે તેઓ જબરજસ્ત સર્જનામત્મક ચિંતન કરતા હતા. પરંતુ શાળામાં તેમના ચિંતનને પોષે તેવું વાતાવરણ ન હતું. તેથી તેઓએ શાળાનો અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો હતો. ત્યારબાદ મુકત વાતાવરણમાં રહીને વિજળીના ગોળામાં ટંગ્સ્ટનના ઉપયોગ અંગે સફળતા પૂર્વક પ્રયોગો કરીને તેઓએ દુનિયાને વિજળીના ગોળાની ભેટ આપી હતી.

તે જ પ્રમાણે ઉચ્ચ કક્ષાની સર્જનાત્મકતા ઘરાવતા રવીન્દ્રનાથ ટાગોર અને યુગપુરૂષ ગાંધીજી જેવા મહાનુભાવો પણ શાળાના બંધિયાર અને પરંપરાગત વાતાવરણના વિરોધી હતા.

### ૨. જવાબદારી વાળા અને પડકારજનક કાર્યોની સોંપણી :

શાળામાં વિદ્યાથીઓને પડકારજનક કાર્યો સોંપવા જોઈએ, તેમની પાસેથી પ્રકલ્પો કરાવવા જોઈએ, તેમને જવાબદારીવાળા કાર્યો પણ સોંપવા જોઈએ. આવા કાર્યો કરવા માટે તેમને યોગ્ય માર્ગદર્શન પુરૂં પાડવું જોઈએ. આમ કરવાથી તેમના અગમને સંતોષ મળશે. તેમને કાંઈ કરવાનો આનંદ મળશે. તેઓ વારંવાર કાંઈ નવું કરવાનો પ્રયત્ન કરશે. અહીં તેના અહમને હકારાત્મક રીતે પોષવામાં આવે તો તે વધુમાં વધુ પ્રવૃત્તિઓમાં ભાગ લેતો થશે અને વધુ જવાબદારી વાળા કાર્યો કરવા પ્રેરાશે. જવાબદારીવાળા કાર્યો કરવાથી વિદ્યાથીઓ તેમના માર્ગમાં આવતી સમસ્યાઓનો ઉકેલ મેળવવાનો જાતે જ પ્રયત્ન કરશે. સરવાળે તેની સર્જનાત્મકતાનો વિકાસ થશે.



### ૩. મૌલિકતાને પ્રોત્સાહન :

વિદ્યાર્થી કોઈ કાર્ય નવી રીતે અથવા તેની રીતે કરવા માગતો હોય તો તેને તે કાર્ય કરવા દેવું જ જોઈએ. સાથે – સાથે તેના આ પ્રયત્નમાં તેને માર્ગદર્શન અને સહકાર પણ આપવા જોઈએ. ભૂમિતિમાં ઉપસિધ્ધાંતો સાબિત કરવાના અનેક રસ્તા હોય છે. ત્રિકોણમિતિનો એક જ દાખલો અનેક રીતે ઉકેલી શકાતો હોય છે. ભાષામા એક જ વિષય પર નિબંધ લખવામાં ઘણી વિવધતા લાવી શકાય છે. પરંતુ મોટા ભાગે શિક્ષકો એક જ રીતે આ બધા કાર્યો કરવાથી પહેલવૃત્તિ નાશ પામે છે અને તેમની સર્જનાત્મકતા શકિતઓનો વિકાસ થઈ શકતો નથી. શિક્ષકે તેના વિષયમાં આવતા પાયાના ખ્યાલોની વધુ સ્પષ્ટતા કરવી જોઈએ. જો વિદ્યાર્થીઓ પાયાના ખ્યાલો સારી રીતે સમજતા હશે તો વધુ અસરકારક રીતે મૌલિક વિચારો કરી શકશે અને તેઓ વિવિધ વિષયની સમસ્યાઓ જાતે ઉકેલી શકશે.

### ૪. લઘુતાગ્રંથી દૂર કરવી :

ઘણી વખત વિદ્યાથીઓ નવું કરવામાં દ્વિધા અનુભવતા હોય છે, કારણ કે તેમને ડર હોય છે કે તેમનાથી ભૂલ થઈ જશે તો તેઓ એવી લઘુતાગ્રંથીથી પીડાતા હોય છે કે તેઓ નિષ્ફળ જશે તો લોકો તેમની મશ્કરી કરશે. આવી મનોદશાને કારણે તેઓ તેમના મનની વાતો તેમના શિક્ષક કે માતા પિતાની સામે નથી કરી શકતા. તેઓ મનમાં ને મનમાં મૂંઝાતા હોય છે. આ મૂંઝવણ તેમની પહેલવૃત્તિનો વિકાસ થવા દેતો નથી. તેથી જ શિક્ષક અને માતા પિતાએ તેમને ધ્યાનથી સાંભળવા જોઈએ. જો તેઓ કોઈ નવું કાર્ય કરવાનો પ્રયત્ન કરે તો તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. તેમનું આવું કોઈ કાર્ય અયોગ્ય હોય તો તેના કારણો જણાવીને તેમને સમજાવીને આવા કાર્યો કરતા રોકવા જોઈએ. તેમને વારંવાર ધમકાવવા જોઈએ નહીં. તેઓ કોઈ કાર્યમાં નિષ્ફળ જાય તો તેમની મશ્કરી કરવી જોઈએ નહીં. આમ કરવાથી વિદ્યાર્થીઓંમાં લઘુતાગ્રંથીનો વિકાસ થશે. તેઓ દ્વિધા નહી અનુભવે અને કોઈ પણ નવું કાર્ય કરવાની કે સર્જનાત્મક વિચાર કરવાની પહેલ કરવામાં ડર નહીં અનુભવે.

### ૫. સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ :

નાટક, એકપાત્રીય અભિનય, શીઘ્ર-વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નકામી વસ્તુઓમાંથી નવી વસ્તુઓ બનાવવાની સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા અને પાદ – પૂર્તિ સ્પર્ધા જેવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ કરવું જોઈએ. આ બધી સ્પર્ધાઓ વિદ્યાથીઓને તેમની મૌલિકતાની રજૂઆત માટે ઉત્તમ તક પૂરી પાડે છે. તે ઉપરાંત શાળામાં કાગળકામ, પૂંઠાકામ, જેવી પ્રવૃત્તિ આધારિત વિષયોનો સમાવેશ કરવો જોઈએ. શાળામાં વિવિધ વિષયોના મંડળોની રચના કરીને તે મંડળ દ્વારા વિવધ પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. શૈક્ષણિક મેળાઓ અને શૈક્ષણિક પ્રદર્શનનું યોગ્ય આયોજન કરી તેની ગોઠવણીમાં કરાવવામાં વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે છે. તેઓ નવી વાતો, વસ્તુઓ અને સ્થળોથી પરિચિત થાય છે. તેઓ લોકોના સંપર્કમાં આવે છે. આધુનિક વિશ્વની પ્રગતિનો તેમને સ્પષ્ટ ખ્યાલ આવે છે. તેઓ પણ પોતાની જાતેને અન્ય લોકોની તુલનામાં મૂલવતાં શીખે છે. અને સર્જનાત્મક વિચાર કરવાની પહેલ કરે છે.

આ બધી પ્રવૃત્તિઓ ઉપરાંત શાળામાં સંત – મહાત્માઓ સાથે સંકળાયેલા દિવસોની ઉજવણી કરવી જોઈએ. પોતાના ક્ષેત્રમાં સફળ થયેલી વ્યક્તિઓના વ્યાખ્યાન શાળામાં ગોઠવવા જોઈએ. જેના દ્વારા બાળકો આવા લોકોની સર્જનાત્મકતાથી પરિચિત થાય, તેમના જીવનમાંથી પ્રેરણા લઈ આત્મવિશ્વાસુ બને અને દ્રઢસંકલ્પ સાથે પ્રગતિ કરવાનું વલણ વિકસાવે.

### ૬. હકારાત્મક વલણોનો વિકાસ :

ઘણીવાર વિદ્યાથીઓ તેમના સર્જનાત્મક વિચારોને કારણે ટીકાને પાત્ર પણ બનતા હોય છે. પરંપરાગત રીતે જીવવા ટેવાયેલા લોકો નવા વિચારો અપનાવી શકતા નથી. આવા લોકો સર્જનાત્મક વ્યક્તિને ઉતારી પાડતા હોય છે. વિદ્યાથીઓને આવી ટીકાઓનો સામનો કરતા શીખવવું જોઈએ. અન્ય લોકોની સફળતાને બિરદાવતા શીખવવું જોઈએ. નિષ્ફળતાઓનો હકારાત્મક રીતે સ્વીકાર કરતાં શીખવવું જોઈએ. દ્રઢનિશ્ચય સાથે કોઈ પણ કાર્ય કરવામાં આવે તો તેમાં વહેલી મોડી સફળતા મળે જ છે, તેવો વિશ્વાસ તેમના મનમાં પેદા કરવો જોઈએ. વિદ્યાર્થીઓ તેમના દરેક કાર્યમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. જેથી તે તેના વિચારોનું યોગ્ય વિશ્લેષણ કરી શકે.

### ૭. જીવંત ઉદાહરણ પૂરા પાડવા :

વિદ્યાર્થીઓ અનુકરણશીલ હોય છે. ખાસ કરીને તેઓ તેમના શિક્ષકો અને વાલીઓનું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરતાં હોય છે. તેઓ તેમનું આંધળું અનુકરણ કરતા હોય છે. તેથી જો વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનો વિકાસ કરવો હોય તો શિક્ષકે અને માતા – પિતાએ પણ તેમના વિદ્યાર્થીઓ કે પાલ્ય સમક્ષ સર્જનાત્મક વિચારો મૂકવા જોઈએ. ખાસ તો શિક્ષકે વિદ્યાર્થીઓને શું છે અને શું થયું ને બદલે શા માટે છે. કઈ રીતે થયું તે ભણાવવું જોઈએ. આમ, કરવાથી વિદ્યાથીઓની વિવેચનાત્મક રીતે વિચારવાની શક્તિનો વિકાસ કરી શકાય છે. જે તેમને સર્જનાત્મક વિચાર કરવામાં મદદરૂપ થઈ શકે છે.



વિપરીત પરિસ્થિતિમાં કેટલાક માણસો દિલથી તૂટી જાય છે, તો કેટલાક માણસો રેકોર્ડ તોડી નાખે છે. - **શિવ ખેડા**

# શોધ અને શોધક

મિત્રો આપણે આપણી રોજીદા જીવનમાં ઘણી બધી વસ્તુઓનો ઉપયોગ કરી છીએ પરંતુ તેની શોધ ક્યારે થઈ અને કોણે કરી એ આપણે હવે જાણીશું.

| શોધ | શોધક | દેશ | વર્ષ |
|---|---|---|---|
| પરમાણુ બોંબ | ઓટોહોન | ઈંગ્લેન્ડ | ૧૯૩૯ |
| વિદ્યુત બેટરી | વોલ્ટા | ઈટાલી | ૧૮૦૦ |
| કેસ્કોગ્રાફ | જગદીશ ચંદ્ર બોઝ | ભારત | ૧૯૨૬ |
| ઓક્સિજન | જે.બી. પ્રિસ્ટલે | ઈંગ્લેન્ડ | ૧૭૭૪ |
| ક્રિસ્ટલ ડાયનેમિક્સ | સી.વી. રામન | ભારત | ૧૯૨૮ |
| ડાયનેમાઈટ | આલ્ફ્રેડ નોબલ | સ્વીડન | ૧૮૬૬ |
| વિદ્યુતબલ્બ | એડિસન | યુ.એસ.એ. | ૧૮૬૦ |
| અભય દીવો | હમ્ફ્રી ડેવી | ઈંગ્લેન્ડ | ૧૮૧૬ |
| અલ્ટ્રાવાયોલેટ કિરણો | ફિન્સેન | હોલેન્ડ | ૧૮૯૬ |
| ઇલેક્ટ્રોન | જોસેફ થોમ્સન | ઈંગ્લેન્ડ | ૧૮૯૭ |

# વૈદિક ગણિત

**પરંપરાગત વૈદિક ગણિત અને આ લેખની વિશેષતાઃ**

વાચક મિત્રો,

પરંપરાગત વૈદિક ગણિત ૧૬ સૂત્રો તથા ૧૩ ઉપસૂત્રો પર આધારિત છે. જેની મદદથી સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર તેમજ સંખ્યાઓના વર્ગમૂળ, ઘનમૂળ ઉપરાંત બહુપદીઓના ગુણાકાર, ભાગાકાર, અવયવ અને સમીકરણના ઉકેલ જેવી તમામ ક્રિયાઓ ચોક્કસ પ્રવિધિથી ઉકેલી શકાય છે. જ્યારે આ લેખમાળામાં આ પરંપરાગત બાબતને આધાર રાખી વ્યવહારમાં અત્યંત ઉપયોગી એવી સરળ પદ્ધતિઓ વિકસાવેલ છે. આથી ગણિત પ્રક્રિયા સરળ તથા રસપ્રદ બનાવી શકાય. ત્રીજા શબ્દોમાં કહીએ તો ભવિષ્યમાં આવનારી મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે આ લેખમાળા પાયાની માહિતી પૂરી પાડશે તેવી મને શ્રદ્ધા છે.

## રીત નં. ૧ (૯,૯૯,૯૯૯.....વડે ગુણાકાર)

સામાન્ય રીતે વિદ્યાર્થીઓને ગુણાકાર સૌથી કંટાળાજનક લાગતા હોય છે. અને ખાસ કરીને તેમાં ઘડીયાનું જ્ઞાન પણ ખૂબ જ આવશ્યક છે તો ઝડપથી મૌખિક ગણતરીઓ કરી શકાય છે. અહીં આપણે વૈદિક ગણિત તથા વ્યવહારું પદ્ધતિના સમન્વયથી ગુણાકારની પ્રક્રિયા સરળ કરીશું.

અહીં એક આંકડાની સંખ્યાનો ૯ વડે, બે આંકડાની સંખ્યાનો ૯૯ વડે, ત્રણ આંકડાની સંખ્યાનો ૯૯૯ વડે ગુણાકાર કરવા માટે ખૂબ જ સરળ પદ્ધતિનો ઉપયોગ કરીશું.

**નિયમઃ** જે સંખ્યાનો ૯,૯૯,૯૯૯ વડે ગુણાકાર કરવો હોય તેમાંથી ૧ બાદ કરો અને ત્યારબાદ મળેલ સંખ્યાનું નવડીકરણ (સરવાળો ૯ પૂર્ણ કરો) કરો.

**ઉદાહરણ પ્રમાણે**

| | | |
|---|---|---|
| ૮<br>X ૯<br>૭૨<br>અહીં ૭નું નવડીકરણ ૨ છે. આથી ૭૨ જવાબ થાય. | ૭<br>X ૯<br>૬૩<br>૭ – ૧ = ૬ અહીં ૬નું નવડીકરણ ૩ છે. આથી ૬૩ જવાબ થાય. | ૫૬<br>X ૯૯<br>૫૫૪૪<br>૫૬ – ૧ = ૫૫ અહીં ૫૫નું નવડીકરણ ૪૪ છે. આથી ૫૫૪૪ જવાબ થાય. |
| ૮૬<br>X ૪૯<br>૮૫૧૪<br>૮૬ - ૧ = ૮૫ અહીં ૮૫નું નવડીકરણ ૧૪ થાય. આથી ૮૫૧૪ જવાબ થાય. | ૪૩૬<br>X ૯૯૯<br>૪૩૫૫૬૪<br>૪૩૬ - ૧ = ૪૩૫ અહીં ૪૩૫નું નવડીકરણ ૫૬૪ થાય. આથી ૪૩૫૫૬૪ જવાબ થાય. | (નોંધ : અહીં સંખ્યા કરતાં ૯ વધુ હોય કે ઓછા હોય તો પણ ગણતરી ટૂંકી રીતે શક્ય છે જેની ચર્ચા આગળના લેખમાં કરીશું.) |

## રીત નં. ૨ (૧૧ વડે ગુણાકાર)

**કોઈ સંખ્યાને ૧૧ વડે ગુણવા માટે નીચેનું સૂત્ર તથા ઉદાહરણ સમજીએ.**

| | | |
|---|---|---|
| ab<br>X ૧૧<br>a(a+b)b<br>સૌ પ્રથમ એકમનો અંક મૂકવો ત્યારબાદ એકમ તથા દશકનો સરવાળો મૂકવો અનેઅંતે દશકનો અંક મૂકવો. | ૮૬<br>X ૧૧<br>૯૪૬<br>અહીં એકમનો અંક ૬, એકમનો તથા દશકનો સરવાળો (૮+૬)=૧૪ ના ૪ તથા દશકના અંક ૮માં વદી ૧ ઉમેરતા ૯ થાય. (નોંધઃ વદી ત્યારબાદના અંકમાં ઉમેરવી.) | રીત નં. ૧ ૧૦૦ની નજીકની બે સંખ્યાઓનો ગુણાકારઃ ૧૦૦ની નજીકની બે સંખ્યાનો ગુણાકાર કરવાનો હોય ત્યારે સૌ પ્રથમ બન્ને સંખ્યા ૧૦૦થી જેટલી દૂર છે તે બન્ને અંકોનો ગુણાકાર કરી જમણી બાજુ લખો ત્યારબાદ બેમાંથી કોઈપણ સંખ્યામાંથી બીજી સંખ્યા ૧૦૦થી જેટલી દૂર છે તે બાદ કરી ડાબી બાજુ લખવાથી ઉત્તર મળશે. |

**આ બાબત નીચેના ઉદાહરણોથી સ્પષ્ટ કરવી.**

| | |
|---|---|
| ૯૬ ૦૪<br>X ૯૬ ૦૬<br>૯૦૨૪<br>આમ જવાબ ૯૦૨૪ થાય. | ૮૮ ૧૨<br>X ૯૪ ૦૬<br>૮૨૭૨<br>આમ જવાબ ૮૨૭૨ થાય. |

**વાચકમિત્રો આશા છે કે આપ સર્વેને ઉપરોક્ત વૈદિક ગણિતની સરળ પદ્ધતિઓ ગમી હશે તો અવશ્ય તેનો મહાવરો કરશો અને આગામી લેખમાં સરળથી કઠીન તરફ આપણે અનેક વિવિધ પદ્ધતિઓ શિખીશું ખરું ને.. ?**




ડો. અતુલ વ્યાસ
શિક્ષણશાસ્ત્રી, શ્રી મુરલીધર હાઇસ્કૂલ, રાજકોટ

# ના, હું તો ગાઈશ જ!



ઘણાં સમય પહેલાં એક ધોબી પાસે એક ગધેડો હતો. ધોબી આખો દિવસ એ ગધેડા પાસે સખત કામ કરાવતો અને રાતના સમયે એને છૂટો મૂકી દેતો. રાત્રે તે ગધેડો અહીં તહીં ચરીને પોતાનું પેટ ભરતો હતો.



એક રાત્રે એ ગધેડાને એક શિયાળ મળ્યું. બન્ને વચ્ચે દોસ્તી થઈ ગઈ. શિયાળે ગધેડાને કહ્યું, ‘ચાલ આજે હું તને સરસ મજાની જગ્યા બતાવું. ત્યાં આપણે ધરાઈને ખાવાનું મળશે.’


શિયાળ ગધેડાને એક ખેતર પાસે લઈ ગયું. ખેતરના વાડામાં લાલ લાલ ખાટાં મીઠાં ટામેટાંના છોડ હતા. ખેતરની વાડમાં એક છીંડુ હતું એમાંથી બંને અંદર ગયા. આવાં સરસ તાજા ટામેટાં જોઈને ગધેડાના મોઢામાં પાણી આવવા લાગ્યું. ગધેડાએ ધરાઈને ટામેટા ખાધા.



ટામેટાં ખાઈને ગધેડો ગેલમાં આવી ગયો. તેને ગાવાની ઈચ્છા થઈ. તેણે શિયાળને કહ્યું, ‘ભાઈ શિયાળ, આજે કેવી રૂપાળી સરસ મજાની પૂનમની રાત છે. આકાશમાં ચાંદો ય કેવો સુંદર લાગે છે ! આવા મજાના વાતાવરણમાં હું ગાઉં અને તું સૂર પૂરાવ તો કેવું?’

શિયાળ કહે, ‘અરે ગધેડાભાઈ, હાથે કરીને ઉપાધી શીદને વહોરી લેવી? આપણે અત્યારે ચોરની જેમ આ ખેતરમાં છાનમાના આવ્યા છીએ. એટલે મૂંગા રહેવામાં જ મજા છે. તમે ગાશો કે તરત જ રખેવાળ તમારો ઉંચો સૂર સાંભળી જાગી જશે. અને આપણા બાર વાગી જશે.’

ગધેડો બોલ્યો, ‘મૂર્ખ, તું તો જંગલી જ રહ્યો. સંગીતના રસને તું શું સમજે?’



શિયાળે ગધેડાને ન ગાવા માટે ઘણુંય સમજાવ્યો. પણ હવે ગધેડો તેની હઠ લઈને બેઠો હતો. તે કહે, ‘ના હું તો ગોઈશ જ...’

ગધેડો ગાવાનું શરૂ કરે એ પહેલાં ચતુર શિયાળ બોલ્યું, ‘ગધેડાભાઈ, તમે ઘડીવાર થોભો. હું પેલા ઝાંપા પાસે ઉભો રહી રખેવાળનું ધ્યાન રાખું છું. પછી તમે નિરાંતે ગાઓ...’

શિયાળ વાડીની બહાર નીકળી ગયું. હવે ગધેડો ડોક ઉંચી રાખીને મોટે મોટેથી ગાવાનું શરૂ કર્યું, ‘હો...ચીં...હોં...ચી...’



ગધેડાનો ભૂંકવાનો અવાજ સાંભળીને ખેતરનો રખેવાળ દોડી આવ્યો. તેણે પોતાની જાડી ડાંગ વડે ગધેડાને મારી મારીને અધમૂવો કરી નાંખ્યો. પછી તેના ગળે વજનદાર પથરો બાંધીને તે ચાલ્યો ગયો.



થોડીવાર પછી ગધેડો મહામહેનતે ઉભો થયો. તે ગળે લટકાવેલ મોટા પથરા સાથે લંગડાતો લંગડાતો ખેતરની બહાર આવ્યો.

શિયાળે પૂછ્યું, ‘ગધેડાભાઈ, આ શું થયું?’

ગધેડો હવે શું બોલે ? તેને હવે સમજાઈ ગયું હતું કે તેણે શિયાળની સલાહ માનીને ગાવાનું માંડી વાળ્યું હોત તો આ દશા ન થાત.

**સારઃ કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પરિણામનો વિચાર કરવો અને આપેલી સલાહનો ઉદ્દેશ્ય સમજવો.**

# ઉખાણા

**ચાલો મિત્રો આજે આપણે આપણા બાળપણમાં વિચારી જઇ અને સરસ મજાના ઉખાણાની રમત રમીએ. ચાલો તો શરૂ કરીએ તમને મન ગમતાં પાંચ ઉખાણા અમે આપી રહ્યાં છીએ...**


છાપરે
છાપરે ચાદર
પથરાય

બાપે જનમી બેટડી, બેટડીએ
જન્મ્યો બાપ,
તે વરત ઉકેલજો, બેટી ભલી
કે બાપ ?

ચામડાની કોથળી, જે
કૂવામાં જાય,
એકી સાથે પંદર હાંડા,
પાણી ખેંચી જાય


ઘેર ઘેર ડોસા ડાટ્યા,
ચાંદલો કરીને ચોખા
છાંટ્યા

ચાર ખૂણાનું ચોકડું, અદ્ધર ઊડ્યું જાયે,
રાજા પૂછે રાણીને એ ક્યું જનાવર જાય ?



જવાબઃ તડકો, કેરી, ક્રોસ, ઉંબરો, પતંગ

# HOW TO DRAW



# સ્વસ્થ રહેવા માટે જાણીએ કડવા અને મીઠા લીમડાનાં ગુણો

આપણે સૌ જાણીએ છીએ કે, લીમડો સ્વાસ્થ્ય માટે કેટલો ઉપયોગી છે. આજકાલ લોકો દવા કરતા દેશી અને આયુર્વેદિક નુસખામાં વધારે ધ્યાન આપે છે. લીમડાનાં ઉપયોગથી ઘણા બધા રોગોને મટાડી શકાય છે. ચાલો જાણીએ લીમડાના અદ્‌ભૂત ગુણો વિષે...

## કડવો લીમડો

- લીમડો બે પ્રકારનો હોય છે. (૧) કડવો લીમડો અને (૨) મીઠો લીમડો. કડવા લીમડાના તો ફાયદાઓ છે જ પણ આજે આપણે સાથે સાથે મીઠા લીમડાના ફાયદાઓ પણ જાણીશું.
- લીમડાના પાનનો રસ પીવાથી લોહી સાફ થાય છે. આ રસ કડવો તો લાગે છે પણ લોહીને સાફ રાખવા માટે આટલું તો કરવું જોઈએ.
- લીમડાના પાનને ૨ લીટર પાણીમાં ઉકાળ્યા બાદ પાણીનો રંગ લીલો થઈ જાય એટલે તેને એક બોટલમાં ગાળીને ભરી લો. હવે જ્યારે તમે ન્હાવ ત્યારે ડોલમાં આ પાણીને ૧૦૦ મીલી ગ્રામ જેટલું નાખવું આમ રોજ કરવાથી સંક્રમણ ખીલ અને વ્હાઈટ હેડસની સમસ્યા દૂર થશે.
- ઠંડીમાં લીમડાનો રસ પીવાથી શરદી, ઉધરસ નહિ થાય અને શરીરમાં રહેલ બિનજરૂરી બેક્ટેરિયાનો પણ નાશ થશે.
- લીમડાના પાનને નાહવાના પાણીમાં નાંખી નાહવાથી ચામડીના રોગ દૂર થાય છે. લીમડાના પાનને પીસીને તેનો લેપ લગાવવાથી ત્વચા ગોરી બનશે.
- ફૂડ પોઇઝનીંગ કે રક્તવિહાર થયો હોય તો લીમડાનો રસ પીવાથી આ સમસ્યા દૂર થાય છે.
- લીમડાના પાનનો લેપ શરીરમાં થતાં કાળા દાગને દૂર કરે છે.
- લીમડાની છાલનો લેપ સાંધાના દુ:ખાવામાં ઘણો ઉપયોગી બને છે.
- લીમડાથી સાબુ, શેમ્પુ, લોશન, ટુથપેસ્ટ અને ક્રીમ બને છે જે ત્વચાની શુદ્ધિ કરે છે.
- લીમડાના પાનમાં એન્ટીવાયરલ ગુણ હોય છે, જે વાઇરલ રોગો ઓરી, અછબડા સામે લડવામાં વર્ષોથી કાર્યરત છે.
- દાંતના રોગો સામે લડવામાં લીમડાનો કોઈ જવાબ નથી. ફક્ત ભારતમાં જ નહિ આફ્રિકાના લોકો પણ લીમડાના પાનનો ઉપયોગ ટૂથપેસ્ટ બનાવવામાં કરે છે.
- રોજ સવારે લીમડાના પાનને પાણીમાં પલાળીને કોગળા કરવાથી દાંતાના રોગો દૂર થાય છે.
- લીમડાનાં પાનની પેસ્ટ તૈયાર કરીને તેમાં મધ ઉમેરી વાળમાં લગાવવાથી વાળ મુલાયમ બને છે. અને ખોડો પણ દૂર થાય છે.

## મીઠો લીમડો

- મીઠા લીમડાને ભોજનમાં નાંખવાથી ભોજન સ્વાદિષ્ટ બને છે. જ્યારે ગુજરાતી વ્યંજન બનાવવામાં આવે છે ત્યારે લોકો લીમડાને કઢી, દાળ અને વિવિધ વાનગીઓમાં નાખે છે. મીઠા લીમડામાં ઘણો ઓષધી સંબંધી ખજાનો છુપાયેલો છે.
- મીઠાં લીમડામાં ઘણા પ્રકારના ઔષધીય ગુણો જેમ કે એન્ટી-બાયોટીક્સ, એન્ટી-ઓક્સીડેટ્સ અને એન્ટી માયક્રોબીલ પણ હોય છે. આના સવનથી પાચનતંત્ર સુધરે છે.



# બાળકોને પણ ફાયદાકારક યોગ

## ૨૧ જુન વિશ્વ યોગ દિવસ

બધા એવું માનતા હશે કે યોગ તો ફક્ત મોટા લોકોનું કામ છે, નાના બાળકોને એની શું જરૂર છે અને તેનાથી બાળકોને શું ફાયદો થશે. કસરત, ચાલવા જવું કે યોગ કરવા જેવું કામ બાળકોને ઘણું બોરિંગ લાગતું હોય છે તો બાળકો અહીં હું તમને જણાવા માંગીશ કે યોગના જેટલા ફાયદા મોટા લોકોને થાય છે એટલા જ ફાયદા બાળકોને પણ થાય છે. પાંચ વર્ષની ઉંમરથી જ યોગ શીખી શકાય છે. તો ચાલો આજે હું તમને જણાવું કે ક્યા યોગ બાળકોએ કરવા જોઈએ અને એના કેટલા ફાયદાઓ છે. જેમ રોજ શાળાએ જવાથી અભ્યાસમાં પૂરતું જ્ઞાન મળે છે તેમ જ રોજ યોગ કરવાથી શરીર ખૂબ જ તંદુરસ્ત રહે છે. એમ કહેવાય છે કે રોજ શાળાએ જવું જેટલું જરૂરી છે તેટલું જ યોગ કરવું પણ જરૂરી છે.

## યોગ કરવાના ફાયદા:

- યોગ કરવાથી શરીર મજબૂત બને છે. તે અનેક બીમારીઓ સામે તમારો બચાવ કરે છે.
- તમારા શરીરને સુંદર અને ચુસ્ત તંદુરસ્ત રાખે છે.
- બાળકો અત્યારથી જ યોગ કરશો તો વહેલા વૃદ્ધત્વ નહીં આવે.
- યોગથી ભણવામાં પણ ઘણા ફાયદાઓ થાય છે જેમકે તેનાથી યાદશક્તિ સારી રહે છે, મગજ પણ ઝડપથી કામ કરે છે. આ સિવાય ડિ-પ્રેશન જેવી બિમારી તો ઘણી દૂર જ રહી જશે.
- યોગ કરવાથી શરીરની માંસપેશીઓ ખેંચાય છે જેનાથી શરીરને આરામ મળે છે અને સાથે સાથે અંગોને મસાજ થાય છે.
- પાચનતંત્ર સારું રહે છે.
- બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે.

એવું નથી કે એકદમ ચુસ્તરીતે કરેલા યોગના જ ફાયદા થાય છે. સરળ રીતે કરવામાં આવેલા યોગનો પણ એટલો જ ફાયદો છે. યોગને ભાર ન ગણતા તેમાં રસ દાખવીએ અને રમતા રમતા શીખીએ.

- યોગ કરીએ ત્યારે અમુક બાબતોનું ધ્યાન રાખવું પડે છે તો એ પણ જાણી લઈએ.
- યોગ સવારે અને સાંજે પણ કરી શકાય છે પરંતુ બની શકે તો સવારે જ યોગ કરવાની ટેવ પાડો. શાળામાં પણ યોગ શીખો.
- યોગ હંમેશા યોગની સંપૂર્ણ જાણકારી સાથે કરો અને ઘરનાં કોઈ વડીલની દેખરેખમાં કરો.
- યોગ કરવાના ૨-૩ કલાક પહેલા કંઈ ખાવું ન જોઈએ.
- ૧૫ મિનિટથી વધુ યોગ ન કરવું બાળકોએ એક યોગાસન ૧ મિનિટથી વધુ ન કરવું.
- કોઈ પણ આસન વધારે સખત રીતે ન કરવું. તેનાથી ઈજા પહોંચી શકે છે.
- યોગમાં શ્વાસ લેવાની પ્રક્રિયા પર વધુ ધ્યાન આપો. દરેક યોગમાં અલગ અલગ રીતે શ્વાસ લો.
- આવતાં અંકમાં જોઈશું તાડાસન અને શીખીશું યોગના વિવિધ આસનો અને તેને કેવી રીતે કરવું.






**ચાંદની ગર્ગ**
ધોરણ ૪, દિલ્હી પબ્લીક સ્કુલ, ગાંધીનગર



**મેહુલ પ્રજાપતી**
ધોરણ ૪, ત્રિપદા હાઇ સ્કુલ, અમદાવાદ



**ખ્યાતી વ્યાસ**
ધોરણ ૫, ત્રિપદાગુરૂકુલમ, વિરમગામ



**કૌશિક પટેલ**
ધોરણ ૯, શ્રી સત્ય સાંઇ વિદ્યાનિકેતન સ્કુલ, નવસારી



**પ્રિયા કાબરા**
ધોરણ ૮, ધ રોઝરી સ્કુલ, અમદાવાદ



**મૌક્ષિલ જૈન**
ધોરણ ૭, અર્જુન ઇંગ્લિશ સ્કુલ, અમદાવાદ

# મેયોનીઝ વેજ સેન્ડવીચ

**સામગ્રી:**
- ૩ નંગ બ્રેડ
- ટમેટો સોસ
- માખણ
- ગોળ સુધારેલા ટામેટાં
- ગોળ સુધારેલી કાકડી
- ૨ ચમચી મેયોનીઝ
- ચાટ મસાલો

**બનાવવાની રીત :**
- એક બ્રેડ પર માખણ લગાવી થોડો ચાટ મસાલો છાંટો, તેના પર ગોળ સુધારેલા ટામેટા મૂકો અને ફરી થોડો ચાટ મસાલો છાંટો.
- હવે બીજી બ્રેડ લો. તેના પર મેયોનીઝ લગાવો તેને પહેલી બ્રેડ પર મૂકો. તે જ બ્રેડની બીજી બાજુ પર ફરીથી થોડું મેયોનીઝ, ટમેટો સોસ અને ચાટ મસાલો છાંટો તેના પર ગોળ સુધારેલી કાકડી મૂકો.
- હવે ત્રીજી બ્રેડ પર માખણ, ટમેટો સોસ અને ચાટ મસાલો લગાવો અને તેને બીજી બ્રેડ પર મૂકો. હવે તેને હલકા હાથેથી દબાવી બે ભાગમાં કાપી લો.
- તૈયાર છે આપણી મેયોનીઝ વેજ સેન્ડવીચ તેને ચટણી કે ટમેટો સોસ સાથે પીરસો.











રાજસ્થાન અને પંજાબથી આવેલા બાઇકર્સે મુલાકાતીઓ સામે તેમને અચંબીત કરી દે તેવા સ્ટંટ્સ દ્વારા તેમનું મનોરંજન કર્યું હતું. મુલાકાતીઓએ ઓટોમોબાઇલ્સનો શો પણ માળ્યો હતો. ઘણી બધી ઓટોમોબાઇલ્સ કંપનીએ તેમની કારોનું પ્રદર્શન કર્યું હતું.














ગાંધી કોર્પોરેશનના ટેલેન્ટ ઓડિટોરીયમમાં જુજ સંખ્યામાં મહત્વકાંક્ષી બાળકોએ ડાન્સ અને ગીતની સ્પર્ધામાં ભાગ લીધો હતો. એમને પોતાના ટેલેન્ટનું પ્રદર્શન કરવા માટે ગાંધી કોર્પોરેશને વેકેશન ૨૦૧૬માં ખૂબ જ મોટો પ્લેટફોર્મ આપ્યો હતો.

# ગાંધી કોર્પોરેશન દ્વારા આયોજીત પશ્ચિમી ભારતના સૌથી મોટા ગ્રાહક પ્રદર્શન વેકેશન ૨૦૧૬માં અમદાવાદીઓએ ઈટાલીયન થીમની મજા માણી

અમદાવાદીઓ જ્યારે વેકેશન માણવા આતુર હોય છે, ત્યારે વેકેશન ૨૦૧૬ આનંદ અને ઉત્સાહ સાથે તેનો શુભારંભ કરે છે. માટે ૨૦ મે થી ચાલુ થયેલ આ ભવ્ય પ્રદર્શન અને મેળો જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ પર ૧૧ દિવસ સુધી રાખવામાં આવ્યો હતો.

વેકેશન ૨૦૧૬ મેળાનો શુભારંભ કરવા માટે ઘણી મહાન હસ્તીઓ ઉપસ્થિત હતી. જેમાં અમદાવાદના મેયર શ્રી ગૌતમભાઈ શાહ, ઔડાના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સુલભ ઈન્ટરનેશનલના સ્થાપક ડો. બિન્દેશ્વર પાઠક અને ઔડાના પૂર્વ ચેરમેન શ્રી સુરેન્દ્રભાઈ પટેલનો સમાવેશ થાય છે. ૧૯૯૬થી દર વર્ષે અમદાવાદ ખાતે યોજવામાં આવતા આ પ્રદર્શનું ૨૦મું વર્ષ ખૂબ જ ધૂમધામથી ઉજવવામાં આવ્યું. આ ભવ્ય મેળો જાદુઈ ઈટાલીયન થીમ ઉપર બનાવવામાં આવ્યો હતો. વેનિસના પાણીનો ખળખળતો અવાજ અને રોમના ફૂલોની ખાટી સુગંધ ગાંધી કોર્પોરેશનને અમદાવાદમાં જ ઈટલીનો જાદુ પુનઃ પ્રસ્થાપિત કર્યો હતો. સમગ્ર સરંજામ તમને અમદાવાદમાં જ ઈટાલીનો અનુભવ કરાવે તેવો હતો. વેકેશન ૨૦૧૬ના મુખ્ય પ્રવેશ દ્વાર પર મુલાકાતીઓને આવકારવા માટે વિશ્વનું સૌથી પ્રખ્યાત રોમના સેન્ટ પીટર બેસિલિકાની પ્રતિકૃતિ મૂકવામાં આવી હતી. તેની સાથે જોડાયેલ હતુ વેનિસ શહેર જે પાણી પર વસેલુ શહેર છે. તેમાં રહેલા ગોંડોલા મુલાકાતીઓને રોમમાં સ્થિત ટ્રેવી ફાઉન્ડેશન તરફ લઈ જઈ રહ્યા હતા. તેની નિયંત્રણ ઓફિસ પેન્થીયોન મંદિરના બંધારણ સાથે સજાવવામાં આવ્યું હતું.

ટેલેન્ટર ઓડિટોરીયમ રોમનું પ્રખ્યાત કોલોજીયન રૂપ આપવામાં આવ્યું હતું. જ્યાં લગભગ ૧૨૦૦ જેવા બાળકોએ પોતાનું ટેલેન્ટ મુલાકાતીઓ સમક્ષ પ્રદર્શિત કર્યું હતું. જેની પ્રવૃત્તિઓ આ પ્રમાણે હતી. નૃત્ય સ્પર્ધા, સંગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નાટ્ય સ્પર્ધા, અને ફેશન શો વગેરે. ટૂંકમાં વેકેશન ૨૦૧૬ ઉનાળા વેકેશન દરમ્યાન સમગ્ર પરિવાર માટે ખૂબ જ યાદાગર અને મજેદાર રહ્યું. (વેકેશન) એ ગુજરાતનું સૌથી મોટું અને સૌથી જૂનું ગ્રાહક પ્રદર્શન માનું એક છે. છેલ્લા ૧૯ વર્ષથી સતત સફળતાપૂર્વક આ પ્રદર્શન યોજાય છે. આ પ્રદર્શન દર વર્ષે ૧૧ દિવસ માટે અલગ અલગ થીમ પર બનાવવામાં આવે છે. દર વર્ષે ઉનાળાની રજાઓમાં આ પ્રદર્શન યોજાય છે. તેથી તેનું નામ વેકેશન રાખવામાં આવ્યું છે.

મુખ્ય આકર્ષણો:

૨૦ લાખથી પણ વધારે મુલાકાતીઓએ આ પ્રદર્શનની મુલાકાત લીધી.

આ સંપૂર્ણ થીમ ૮ લાખ ચો. ફુટથી પણ વધારે ઘેરાવામાં બનાવવામાં આવી હતી. જેણે લોકોને ખૂબ જ આશ્ચર્યચકિત કર્યાં.

આ પ્રદર્શન દ્વારા ઉદ્યોગ વિભાગોને વ્યાપાર માટેની તકો મળી જેમાં એફ. એમ. સી. જી, ઓટો, આઇ.ટી અને શિક્ષણ નાણાકીય, વીમા અને બેન્કિંગ ઇલેક્ટ્રોનિક્સ, વ્હાઇટ ગૂડ્ઝ, કિચન વેર લાઇફ સ્ટાઇલ, હોમ ડેકોરેટ, યાત્રા અને પ્રવાસ વગેરે નો સમાવેશ થાય છે.



ગાંધી કોર્પોરેશનના હેમુ ભાઈ ગાંધીને સતત ૨૦ વર્ષથી સફળ એક્ઝિબિશન ઈવેન્ટ કરવા બદલ તેમને જીનીયસ ફાઉન્ડેશન તરફથી વર્લ્ડ રેકોર્ડની ટ્રોફી અને પ્રમાણપત્રથી સમ્માનીત કરવામાં આવ્યા હતા. ગાંધી કોર્પોરેશન માટે આ ખૂબ જ ગૌરવ લેવા જેવી વાત છે.







કાં તો તમે દિવસો ને ચલાવો છો કાં તો દિવસો તમને - **જિમ રાન**

જેની પાસે ધીરજ છે, એ જિંદગીમાં જે ચાહે એ મેળવી શકે છે. - **બેન્જામિન ફ્રેંકલિન**

# ભારત સરકાર દ્વારા નાગરીકોને જુદા જુદા એવોર્ડ આપી સંમ્માનિત કરવામાં આવે છે. તે દરેકનું જુદુ જુદુ મહત્વ છે તેમાંથી હવે આપણે અહીં જાણીશું કયા એવોર્ડનું શું મહત્વ છે અને એવોર્ડ કેમ આપવામાં આવે છે. આ વખતે આપણે જોઈએ દેશના સર્વોચ્ચ ગણાતાં રત્નો જેવા કે, ભારત રત્ન, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રી જેની વધુ માહિતી નીચે પ્રમાણે છે.

## ભારત રત્ન




ભારત રત્ન ભારત દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન પુરસ્કાર છે. આ પુરસ્કાર રાષ્ટ્રની સેવા બદલ એનાયત કરવામાં આવે છે. આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અથવા સાર્વજનિક ક્ષેત્રે આપેલી સેવાઓનો સમાવેશ થાય છે. શરૂઆતમાં આ સન્માન ફક્ત કળા, વિજ્ઞાન, સાહિત્ય અને જાહેરસેવાનાં ક્ષેત્રમાં પ્રદાન કરનારી વ્યક્તિઓને જ આપવામાં આવતું હતું. પણ ડિસેમ્બર ૨૦૧૧માં કરેલા સુધારા મુજબ આ ક્ષેત્રને વિસ્તૃત કરીને ‘કોઈ પણ ક્ષેત્રમાં માનવસેવાના પ્રયાસ’ બદલ આપવામાં આવે છે. આ પુરસ્કારની સ્થાપના ૨ જાન્યુઆરી ૧૯૫૪એ સમયના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવી હતી. આ સન્માન માટે દરવર્ષે ભારતના વડાપ્રધાન દ્વારા ભારતના રાષ્ટ્રપતિને ભલામણ કરવામાં આવે છે. દર વર્ષે વધુમાં વધુ ત્રણ નામોની ભલામણ કરી શકાય છે. આ સન્માન મેળવનારી વ્યક્તિઓને રાષ્ટ્રપતિનાં હસ્તાક્ષરવાળું એક પ્રશસ્તિપત્ર અને પીપળાનાં પાનના આકારનું સન્માનચિહ્ન આપવામાં આવે છે. આ સન્માન સાથે કોઈ નાણાકય પુરસ્કાર જોડાયેલ નથી. પણ ભારતરત્ન મેળવનારી વ્યક્તિને ભારતનાં શિષ્ટાચારની યાદીમાં સાતમાં ક્રમે ગણવામાં આવે છે.

### પુરસ્કારની માહિતી

| પ્રકાર | નાગરિક |
|---|---|
| શ્રેણી | રાષ્ટ્રીય |
| શરૂઆત | ૧૯૫૪ |
| પ્રથમ પુરસ્કાર | ૧૯૫૪ |
| અંતિમ પુરસ્કાર | ૨૦૧૪ |
| કુલ પુરસ્કાર | ૪૫ |
| પુરસ્કાર આપનાર | ભારત સરકાર |
| વર્ણન | પીપળાનાં પાન પર સૂર્ય તથા દેવનાગરી લીપીમાં ભારત રત્ન લખેલ હોય છે. |
| પ્રથમ વિજેતા | ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનન |
| સી. રાજગોપાલાચારી | સી.વી. રામન |
| અંતિમ વિજેતા | અટલ બિહારી વાજપેયી, મદનમોહન માલવીયા (મરણોત્તર) |

## પદ્મવિભૂષણ




પદ્મવિભૂષણ પુરસ્કાર ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો એક પુરસ્કાર છે, જે દેશ માટેના સૈનિકક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે એનાયત કરવામાં આવે છે. અન્ય ગૌરવપ્રદ પુરસ્કારોમાં પદ્મશ્રી, પદ્મભૂષણ અને ભારત રત્નની ગણના થાય છે.

### પુરસ્કારની માહિતી

| પ્રકાર | નાગરિક |
|---|---|
| શ્રેણી | રાષ્ટ્રીય |
| શરૂઆત | ૧૯૫૪ |
| પ્રથમ પુરસ્કાર | ૧૯૫૪ |
| અંતિમ પુરસ્કાર | ૨૦૧૧ |
| કુલ પુરસ્કાર | ૨૮૩ |
| પુરસ્કાર આપનાર | ભારત સરકાર |

### પદ્મવિભૂષણ એવોર્ડ ૨૦૧૬ વિજેતાઓ નીચે મુજબ છે.

| નામ | ક્ષેત્ર |
|---|---|
| ધીરૂભાઈ અંબાણી (મરણોપરાન્ત) | બિઝનેસ |
| રજનીકાન્ત | ફિલ્મ |
| શ્રી શ્રી રવિશંકર | આધ્યાત્મ |
| જગમોહન | પબ્લિક સર્વિસ |
| ડો. વિશ્વનાથ શાંતા | મેહિફ્લ |
| ડો. વાસુદેવ અટારે | સાયન્સ એન્ડ ટેકનોલોજી |
| યામિની કૃષ્ણમૂર્તિ | આર્ટ એન્ડ કલ્ચર |
| રામોજી રાવ | પત્રકારત્વ |
| ગિરિજા દેવી | કલાસિકલ (વોકલ) |



## પદ્મભૂષણ




પદ્મભૂષણ પુરસ્કાર ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો એક પુરસ્કાર છે, જે દેશના માટેના સૈનિકક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે એનાયત કરવામાં આવે છે. અન્ય ગૌરવપ્રદ પુરસ્કારોમાં પદ્મશ્રી, પદ્મવિભૂષણ અને ભારત રત્નની ગણના થાય છે.

### પુરસ્કારની માહિતી

| પ્રકાર | નાગરિક |
|---|---|
| શ્રેણી | રાષ્ટ્રીય |
| શરૂઆત | ૧૯૫૪ |
| પ્રથમ પુરસ્કાર | ૧૯૫૪ |
| અંતિમ પુરસ્કાર | ૨૦૧૦ |
| કુલ પુરસ્કાર | ૧૧૧૧ |
| પુરસ્કાર આપનાર | ભારત સરકાર |

### પદ્મભૂષણ એવોર્ડ ૨૦૧૬ વિજેતાઓ નીચે મુજબ છે.

| નામ | ક્ષેત્ર |
|---|---|
| અનુપમ ખેર | અભિનય |
| ઉદિત નારાયણ | સંગીત |
| રામ સુતાર | શિલ્પકલા |
| વિનોદ રાય | જાહેર સેવા |
| સાનિયા મિર્ઝા | રમત-ગમત |
| ડો. ચારલગટ્ટા પ્રસાદ | સાહિત્ય |
| પ્રો. નાગેશ્વર રેડ્ડી | તબીબી ક્ષેત્ર |
| સ્વામી તેજોમયાનન્દ | આધ્યાત્મ્ |
| ડો. બિજેન્દ્રસિંહ હમદર્દ | સાહિત્ય |



## પદ્મશ્રી




પદ્મશ્રી પુરસ્કાર ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો એક પુરસ્કાર છે, જે દેશના માટેના સૈનિકક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાનના માટે એનાયત કરવામાં આવે છે, જેમકે કલા, શિક્ષણ, ઉદ્યોગ, સાહિત્ય, વિજ્ઞાન, ખેલકુદ, સમાજ સેવા વિગેરે.
અન્ય ગૌરવપ્રદ પુરસ્કારોમાં પદ્મભૂષણ, પદ્મવિભૂષણ અને ભારત રત્નની ગણના થાય છે.

### પુરસ્કારની માહિતી

| પ્રકાર | નાગરિક |
|---|---|
| શ્રેણી | રાષ્ટ્રીય |
| શરૂઆત | ૧૯૫૪ |
| પ્રથમ પુરસ્કાર | ૧૯૫૪ |
| અંતિમ પુરસ્કાર | ૨૦૧૦ |
| કુલ પુરસ્કાર | ૨૪૨૦ |
| પુરસ્કાર આપનાર | ભારત સરકાર |

### પદ્મશ્રી એવોર્ડ ૨૦૧૬ વિજેતાઓ નીચે મુજબ છે.


| નામ | ક્ષેત્ર |
|---|---|
| અજય દેવગણ | અભિનય |
| પ્રિયંકા ચોપડા | અભિનય |
| ઉજ્જ્વલ નિકમ | જાહેર સેવા |




## કામેશ્વર વિદ્યાલયના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી



પટેલ માહી કૃણાલભાઈ ધોરણ ૧, ૯૮%
ઓડેદરા ધાર્મિક પુરષોત્તમભાઈ ધોરણ ૨, ૯૮%
પાલ આંચલ દિનેશભાઈ ધોરણ ૩, ૯૮.૪%
ગોહિલ વિરાલી મહેશભાઈ ધોરણ ૪, ૯૪.33%
શાહ દિશા સંતોષકુમાર ધોરણ ૫, ૯૩.૫૭%
પટેલ એશા મૃગેશભાઈ ધોરણ ૬, ૯૨%
પરમાર ધ્રૂવિકા મુકેશભાઈ ધોરણ ૭, ૯૧.૮૯%
પરીખ ચાર્મી લલીતકુમાર ધોરણ ૮, ૯૭%



પટેલ કિસ્ટી અનિલભાઇ ધોરણ ૧, ૯૫.૫%
નાથી કુલદીપ પ્રહલાદભાઈ ધોરણ ૨, ૯૮%
પરીખ જીયા લલીતભાઈ ધોરણ ૩, ૯૭.૬%
પરમાર દિવ્યેશ વિષ્ણુભાઈ ધોરણ ૪, ૯૩.૬૬%
આડેદરા આયુષ પરષોત્તમભાઈ ધોરણ ૫, ૯૩.૧૪%
મહેતા તિથી શૈલેષભાઈ ધોરણ ૬, ૯૧.૬૬%
પરમાર વિશ્વા દિલીપભાઈ ધોરણ ૭, ૯૦%
દવે ઇશિકા રાજેશકુમાર ધોરણ ૮, ૯૪.૨૨%

*ADVT


કોઈ પણ વ્યક્તિ તેના કર્મોથી મહાન હોય છે. જન્મથી નહીં. - **ચાણક્ય**

# શબ્દ ભંડોળ

## વ્યાવસાયિક સંબંધી વોકેબ્યુલરી (શબ્દ ભંડોળ) પ્રથમ શબ્દો વ્યવસાયિકો પ્રકારના હોય છે. બીજો શબ્દ જેને લોકો સેવાઓ પૂરી પાડે છે તેમને શું કહેવાય તે છે

Teacher/ instructor / tutor (provide education)
૧. શિક્ષક/ પ્રશિક્ષક / શિક્ષક (શિક્ષણ પૂરું પાડે છે)
Student - વિદ્યાર્થીને

૨. Doctor / nurse (Provide medical help)
ડૉક્ટર / નર્સ (તબીબી મદદ પૂરી પાડે છે.)
Patient દર્દીને

૩. Salesperson / salesman (provides things to buy)
વેચાણ કરનાર માણસ (વસ્તુઓ ખરીદવા માટે પૂરી પાડે છે.)
Customer ગ્રાહકને

૪. Librarian / musem worker (need support from people)
સંગ્રાહલયનો કાર્યકર (લોકો પાસેથી આધારની જરૂર)
Patron - આશ્રયદાતા

૫. lawyer / Tax advisor (Provide protesional services or advice)
વકીલ / કર સલાહકાર (વ્યાવસાયિક સેવાઓ અથવા સલાહ પૂરી પાડે છે.)
Client - ગ્રાહક ક્લાઈન્ટ (વ્યાવસાયિક સેવાઓ અને સલાહ લેનાર ગ્રાહકને ક્લાઈન્ટ કહેવાય.)

૬. Government official (wokr as a representative for others)
સરકારી અધિકારી (અન્ય લોકો માટે એક પ્રતિનિધિ તરીકે કામ કરનાર)
Constituent - ઘટક

૭. Publisher (Provide books, newspapers, websites)
(પુસ્તકો, અખબારો, વેબસાઈટ્ પૂરા પાડે છે.)

Reader or subscriber if you order and receive something again and again (like this news ltter)
રીડર વાંચનાર અથવા ઉપભોગતા જે તમારા આદેશ અનુસાર વારંવાર મળે. તેને (સબસક્રાઈબર) કહેવાય
ચાલો તમારી સમજ તપાસીએ :

**૧.** જ્યારે તમે પુસ્તકાલયની મુલાકાત લો, ત્યારે તમે...................... છો.
**(અ) વિદ્યાર્થી (બ) ક્લાઈન્ટ (ક) ગ્રાહક (ď) આશ્રયદાતા**

**૨.** જ્યારે તમે તમારા દેશના નેતાઓ માટે લખો, ત્યારે તમે...................... છો.
**(અ) આશ્રયદાતા (બ) ક્લાઈન્ટ (ક) ઘટક (ડ) વાંચનાર**

**૩.** જ્યારે એક વકીલ તમારા કેશનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે તમે...................... છો.
**(અ) વિદ્યાર્થી (બ) ક્લાઈન્ટ (ક) ઘટક (ડ) આશ્રયદાતા**

**૪.** જ્યારે તમે મોલમાં એક મેગેઝિન પ્રાપ્ત કરો ત્યારે તમે...................... છો.
**(અ) સબસક્રાઇબર (બ) ઘટક (ક) ક્લાઈન્ટ (ડ) દર્દી**

**૫.** જ્યારે તમે શાળામાં અભ્યાસ કરો છો ત્યારે તમે એક ...................... છો.
**(અ) વિદ્યાર્થી (બ) ઘટક (ક) આશ્રયાદાતા (ડ) ક્લાઈન્ટ**

**૬.** જ્યારે તમે કંઈક ખરીદો છો ત્યારે તમે...................... છો.
**(અ) વિદ્યાર્થી (બ) દર્દી (ક) વાંચનાર (ડ) ગ્રાહક**

**૭.** જ્યારે તમે હોસ્પિટલમાં જાઓ છો ત્યારે તમે.................છો.
**(અ) સબસક્રાઇબર (બ) ઘટક (ક) વિદ્યાર્થી (ડ) દર્દી**

**જવાબ:** ૧. આશ્રયદાતા ૨. ઘટક ૩. ક્લાઈન્ટ ૪. સબસ્ક્રાઇબર ૫. વિદ્યાર્થી ૬. ગ્રાહક ૭. દર્દી


## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | | 5 | | | | 6 | 4 |
| | 4 | | | | 8 | 7 | | |
| | 7 | 8 | 1 | | | 9 | | |
| 7 | | | | | | | | |
| | | | 3 | 7 | 9 | 2 | | |
| | | 9 | | 1 | 4 | 3 | 5 | |
| | 5 | 2 | | 3 | 6 | 4 | 7 | |
| | 1 | | | | | 6 | 8 | |
| | 8 | | | 9 | | | 3 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 3 | 5 | 2 | 7 | 8 | 6 | 4 |
| 2 | 4 | 5 | 9 | 6 | 8 | 7 | 1 | 3 |
| 6 | 7 | 8 | 1 | 4 | 3 | 9 | 2 | 5 |
| 7 | 3 | 4 | 2 | 8 | 5 | 1 | 9 | 6 |
| 5 | 6 | 1 | 3 | 7 | 9 | 2 | 4 | 8 |
| 8 | 2 | 9 | 6 | 1 | 4 | 3 | 5 | 7 |
| 9 | 5 | 2 | 8 | 3 | 6 | 4 | 7 | 1 |
| 3 | 1 | 7 | 4 | 5 | 2 | 6 | 8 | 9 |
| 4 | 8 | 6 | 7 | 9 | 1 | 5 | 3 | 2 |

બાજુમાં નવ નવનું ચોરસ છે. તેના દરેક ૩ ૩ના બોક્સમાં તમારે ૧થી ૯ના આંકડા ભરવાના છે. એક પણ આંકડો રિપીટ ન થવો જોઈએ. એ જ રીતે ચોરસની દરેક આડી અને ઊભી લાઇનનાં નવ ખાનામાં પણ ૧થી ૯ના આંકડા ભરવાના છે, આંકડો રિપીટ કર્યા વગર. જે ૩ ૩ના બોક્સમાં સૌથી ઓછાં ખાલી ખાના હોય ત્યાંથી ભરવાનું શરૂ કરો. આ રમતનો માત્ર એક જ ઉકેલ છે. આજની રમતનો જવાબ નીચે આપેલો છે. તો તૈયાર છો ને?

સુડોકુ જવાબ



# કેવી રીતે કામ કરે છે ટચસ્ક્રિન

આ ટેકનોલોજીના યુગમાં વારંવાર ઘણા ફેરફારો આવે છે. પહેલા મોબાઈલ ફોનમાં નંબરના બટનનો ઉપયોગ થતો હતો. કોમ્પ્યુટરમાં કિ બોર્ડ અને માઉસનો ઉપયોગ થતો હતો. હવે મોબાઈલ ફોન અને ટેબમાં ટચસ્ક્રિનનો ઉપયોગ થવા લાગ્યો છે. કેવી રીતે કામ કરે છે આ ટચસ્ક્રિનને આપણે જાણીશું.

સ્ક્રીન પાતળા કાચનો બનેલો હોય છે. તેની હેઠળ અલ્ટ્રા સોનિક તરંગોનો પ્રવાહ વહેતો હોય છે. અલ્ટ્રા સોનિક તરંગો ખૂબ જ સંવેદનશીલ હોય છે. આપણી આંગળી જ્યાં અડકે ત્યાં પ્રવાહ બંધ થઈ જાય, પ્રવાહ બંધ થાય એટલે બાકીનું કામ કમ્પ્યુટર સંભાળી લે. આપણી આંગળી જાણે માઉસ બની જાય છે. ટચ સ્ક્રીનની ત્રણ પદ્ધતિ છે. કેટલાંક ટચસ્ક્રિનમાં સ્ક્રીન હેઠળ વીજતાર વહેતો હોય છે. એમાં આપણી આંગળીનું ઉષ્ણતામાનની અસર થતા ફેરફાર થાય છે. આપણી આંગળીનું ઉષ્ણતામાન વાતાવરણના તાપમાન કરતાં થોડું વધારે હોય છે. આ ફેરફાર ટચસ્ક્રિન ઉપર અસર કરે છે. વીજભારવાળા ટચસ્ક્રિનમાં કાચના બે પડ હોય છે. ટચસ્ક્રિન ટેકનોલોજી સેમ્યુલ હર્સ્ટ નામના વિજ્ઞાનીએ શોધેલી.

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૬-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**
ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામઃ** ______________________


**સ્કૂલનું નામઃ** ______________________

**ધોરણઃ** ____________ **મો.નં.:** ____________

**ફોટો**



એ મહત્વનું નથી કે તમે કેટલા ધીરા ચાલી રહ્યા છો, જ્યાં સુધી તમે થંભી ના જાઓ. - **કન્ફ્યૂશિયસ**



## -, + અને = ચિન્હોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો

a) 3 ☐ 4 ☐ 7 b) 6 ☐ 3 = 3

c) 10 ☐ 3 = 13 d) 6 ☐ 1 = 5


e) 1 ☐ 4 = 5 f) 14 ☐ 5 = 9


g) 2 ☐ 7 = 9 h) 12 ☐ 6 = 6

i) 7 ☐ 7 = 14 j) 5 ☐ 8 ☐ 13




## આપેલા ટ્રાફિક સિગ્નલને જાણો અને કલર પૂરો







ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દરેક હમ્પ્ટી ડમ્પ્ટીનું માથું દોરો





આપેલા ચિત્રની બીજી બાજુ દોરો અને રંગ પૂરો

## ટપકા જોડો




સરખા નંબરવાળા સમૂહને લાઇન દોરી જોડો






નીચે આપેલા આંકડાઓને ટ્રેનના ડબ્બામાં એક લાઇનમાં ગોઠવો.

1 2 3 4 5

5 2 3

1 4


## તફાવત શોધો




## વાંદરાને રસ્તો શોધવા મદદ કરો





## ગણતરી કરી સાચી સંખ્યા ઉપર ગોળ કરો



1 2
3 4




1 2
3 4




1 2
3 4

## MISSING VOWELS

બાજુની ઝુંપડીમાં આપેલા સ્વરોથી ખાલી જગ્યા પૂરો





## PICTURE PUZZLE

ચિત્રના આપેલા ટુકડાઓને કાપી અને સરખું ચિત્ર બને તે રીતે ગોઠવો





## Building Words

Some letters have gone missing from this construction site!
Can you help put them back in place?
User your letter cards and the letters in the word bank to help you finish each word. Say each word aloud as you go.


HINT: The vowel blend "out" makes many deferment sounds.
can you say each sound that "ou" makesh?




Letter bank: S, P, F, R, L, D

## My Family Tree

તમારા ઘરના સભ્યોના નામ લખી બનાવો તમારી ફેમેલી માટે ફેમેલી ટ્રી



# શિક્ષણવિદ્દો દ્વારા 'નીટ' અંગેના અભિપ્રાય

**મહત્વકાંક્ષી મેડિકલના વિદ્યાર્થીઓની વેદનાને સંબોધવા મેડિકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા ૨૦૧૦માં 'નીટ' વિકસાવવામાં આવ્યું હતું. જેનું અમલીકરણ માટે આ વર્ષે સુપ્રિમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. પણ અમુકના વિરોધના કારણે 'નીટ'ના અમલીકરણને એક વર્ષ માટે મુલતવી રાખવામાં આવી. આ બાબતે 'ધી ઓપન પેજે' અમુક શિક્ષણવિદ્દોની રાય લીધી જે નીચ મુજબ છે**

**NEET**ની પરીક્ષા સમગ્ર દેશમાં એક સમાન કરવાના સુપ્રિમ કોર્ટના આદેશને હું અંગતપણે આવકારું છું અને અભિનંદન પણ પાઠવું છું. પરંતુ તેમાં રહેલી કેટલીક વિસંગતતાઓ અંગે સ્પષ્ટતા જરૂરી બને છે.

જો **NEET**નું આયોજન કરવાનું જ હોય તો સમગ્ર દેશમાં ધો.૧૧ તથા ૧૨નો અભ્યાસક્રમ એકસમાન હોવો જરૂરી છે અને આ માટે વિવિધ રાજ્યોના બોર્ડને જરૂરી સૂચનાઓ આપી સમાન અભ્યાસક્રમની રચના કરવી ખૂબ જ જરૂરી છે. બીજું પરીક્ષાનું માધ્યમ પ્રાદેશિક હોવું જોઈએ. જો આમ ન કરવામાં આવે તો આડકતરી રીતે માતૃભાષામાં શિક્ષણના સિધ્ધાંતનું નામોનિશાન મટી જશે !!! અને માત્ર અંગ્રેજી માધ્યમની જ શાળાઓનું ચલણ વધી જશે જે માતૃભાષાના શિક્ષણના મૂળભૂત હક્કની વિરુદ્ધ છે.

**NEET**ની જમા બાજુઓ ઘણી બધી છે. જેનાથી બધા વાકેફ છે. પરંતુ અભ્યાસક્રમની વિસંગતતા અને પરીક્ષાના માધ્યમની વિસંગતતા દૂર કરવી અનિવાર્ય છે. હું પાઠ્યપુસ્તક મંડળ સાથે ધો. ૧૦ના ગણિત વિષયના પરામર્શક તરીકે બે અભ્યાસક્રમથી જોડાયેલો છું. ત્યારે એટલી સ્પષ્ટતા કરી આપું કે આપણા અભ્યાસક્રમ **CBSE**ના અભ્યાસક્રમ જેવા જ છે ત્યારે સમાન અભ્યાસક્રમની યોજનાનો અમલ કરવામાં ખાસ મુશ્કેલી જણાતી નથી અને જો શક્ય હોય તો **CBSE**ના પાઠ્યપુસ્તકના લેખકો **CBSE** અભ્યાસક્રમનો અધકચરો સંદર્ભ લે જ છે!!!) આમ કરવાથી સમાન અભ્યાસક્રમ અમલી કરાવી શકાય સાથે સાથે સમગ્ર દેશમાં **NEET** અને **JEE** (એ-ગ્રુપ માટે)ની પ્રવેશ પરીક્ષાઓ સમાન તારીખે અને સમયે પરંતુ પ્રાદેશિક ભાષામાં યોજાય તો કંઈક જ ખોટું નથી. આઝાદીના આટલા વર્ષો બાદ પણ અંગ્રેજી માધ્યમના આગ્રહની ગુલામી શા માટે ? અંગ્રેજીનું જ્ઞાન એક વિષય તરીકે, વાતચીતના માધ્યમ તરીકે જરૂરી છે પરંતુ તેને આડકતરી રીતે અભ્યાસમનું માધ્યમ ફરજીયાત બનાવવાનું શા માટે ?

ગુજરાતના છેવાડાના ગામડામાં અભ્યાસ કરતાં બાળકને લક્ષમાં રાખી જો નિર્ણય લેવામાં આવે તો યોગ્ય ગણાય બાકી તો માત્ર પ્રવેશ પરીક્ષાનું શિક્ષણ આપી વ્યવસાય કરતી સંસ્થાઓનું જ તૃષ્ટિકરણ કર્યું ગણાય. વિદ્યાર્થીલક્ષી, સમાજલક્ષી અને સંસ્કૃતિલક્ષી નિર્ણય કરી સમાનતાની ભાવના જાળવી નશકાય ? આશા રાખીએ **NEET** ફરજીયાત જ થાય અભ્યાસક્રમ સમાન તથા પ્રાદેશિક ભાષામાં તૈયાર થાય અને **NEET** પણ પ્રાદેશિક ભાષામાં જ લેવાય તો સર્વે તેને આવકારવા તૈયાર જ હશે જેમાં મને લેશમાત્ર શંકા નથી અને આવી બાબતોમાં પક્ષીયરાજકારણથી દૂર રહી સર્વે રાજ્યો એક સહમતી સાધે તેવી ઈશ્વરને પ્રાર્થના, જય જગત.....જય માનવ......



**ડો.અતુલભાઈ વ્યાસ**
**(શિક્ષણશાસ્ત્રી),**
**મુરલીધર શૈક્ષણિક સંકુલ,**
**રાજકોટ**

મેડિકલ કોલેજમાં પ્રવેશ માટે નેશનલ એલિજિબિલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ)નું જાહેરનામું ઈ.સ. ૨૦૧૦માં બહાર પડ્યું હતું. ત્યારબાદ આ વર્ષે સુપ્રિમ કોર્ટ દ્વારા મેડીકલ માટે 'નીટ' એક જ પ્રવેશ પરીક્ષા રહેશે તેવો ચૂકાદો આપતા ઘણાં રાજ્યોમાં અસમંજસની સ્થિતિ ઉભી થઈ. ભાષા, સમયગાળો, અભ્યાસક્રમ જેવા મુદ્દાઓને લઈ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષણવિદોએ બૂમરાણ મચાવી. કેન્દ્ર સરકારે વટહુકમનો માર્ગ લેતા હાલ પૂરતો આ પ્રશ્ન પત્યો છે. પણ આ બાબતે કેટલાંક મુદ્દાઓ ખૂબ વિચાર માગી લે તેવા છે.



દેશની ખાનગી મેડીકલ કોલેજોમાં અત્યાર સુધી અલગ પરીક્ષા લેવાતી આવી છે. આ પરીક્ષાઓમાં થતી ગરબડો, ભ્રષ્ટાચાર અને બેઠક દીઠ લાખો રૂપિયા લેવાતા હોવાનાં અહેવાલો અવારનવાર પ્રાપ્ત થયા કરે છે. વળી એક ખાનગી અહેવાલ અંતર્ગત મેડીકલ એડમીશનમાં દર વર્ષે ૧૨૦૦ કરોડનો કાળો કારોબાર થાય છે. આવા વખતે સમગ્રદેશમાં એક અભ્યાસક્રમની એક જ પ્રવેશ પરીક્ષા લેવાય, તેમાં ખોટું શું છે ? આમ તો માત્ર નીટ જ નહીં પણ પ્રોફેસર માટે લેવાતી નેટ અને જીસેટ તથા યુપીએસસી અને જીપીએસસી બાબતે પણ વિચારવાની તાતી જરૂરિયાત છે. કે જ્યારે કામ એકસરખું જ કરવાનું થતું હોય ત્યારે કેન્દ્ર અને રાજ્યની પરીક્ષાઓ અલગ શા માટે ? તમારે દેશ-લેવલના અને વિશ્વ લેવલના કર્મચારીઓ જોઈતા હોય ત્યારે પરીક્ષા રાજ્યકક્ષાની કેવી રીતે હોઈ શકે ?

વિદ્યાર્થીઓ દ્વારા એવો પણ વિરોધ થયો કે બે મહિનામાં બે વર્ષનો અભ્યાસક્રમ કેમ વાંચવો ? વિદ્યાર્થીઓ-વાલીજગત અને આપણી સરકાર બધાને ૨૦૧૦ના જાહેરનામાની ખબર હોવા છતાં તેમણે આ બાબતે કશુંયે નક્કર કેમ ન કર્યું તે પણ એક મોટો પ્રશ્ન છે. વળી ઈજનેરીમાં આખા દેશની જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ જેઈઈ સરાકરે સ્વીકારી લીધી તો નીટ કેમ નહીં ? જેઈઈનો અભ્યાસક્રમ પણ સીબીએસઈ જ આધારિત છે ત્યાં વિદ્યાર્થીઓને પ્રશ્ન નહીં નડ્યો હોય ?

આ ઉપરાંત ગુજરાત સરકાર સહિત કેટલાંક રાજ્યોએ તેમજ કેન્દ્ર સરકારે પણ અંગ્રેજી ઉપરાંત અન્ય છ પ્રાદેશિક ભાષામાં આ પરીક્ષા લેવાય તે માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે, જેનો ચૂકાદો આવવાનો બાકી છે. સમગ્ર કોર્સ જ્યાં અંગ્રેજીમાં હોય ત્યાં તેની પ્રવેશ પરીક્ષા ગુજરાતીમાં લેવાય એ પણ વિસંગતતા જ છે. માતૃભાષામાં પરીક્ષા આપી શકવાના હકની વાત અને ગ્લોબલ ડૉક્ટર બનવાની વાત બંને એક સાથે શક્ય જ નથી. આપણા વિદ્યાર્થીઓનો વિશ્વસ્તરે ડંકો વાગે, દેશમાં મેડીકલ ક્ષેત્રે એકસૂત્રતા આવે, ભ્રષ્ટાચાર ઘટે તેના અનુસંધાને નીટ અવશ્ય જ નહીં અનિવાર્ય પણ છે.



**કનાલા ધર્મેન્દ્ર અરજણભાઈ**
**માતૃશ્રી એલ.કે.કે. ગોસ્વામી**
**હાઇસ્કુલ, અમરેલી**

## ''નીટ'' એક વર્ષ માટે મુલતવી રાખવાના કેન્દ્ર સરકારના નિર્ણયને આવકારતા શિક્ષણવિદ્ શ્રી પ્રદીપભાઈ ખીમાણી

સુપ્રિમ કોર્ટે દેશના લાખો વિદ્યાર્થીઓના સ્તરને, તેની અભ્યાસ પદ્ધતિને, શિક્ષણના ભાષાના માધ્યમને, કોર્સમાં રહેલા તફાવતને ધ્યાને લીધા સિવાય ઉતાવળથી આપેલા ચુકાદાના કારણે લાખો વિદ્યાર્થીઓની કારકીર્દી પર અસર થાય તેવી સ્થિતિ ઉભી કરી હતી તેને કેન્દ્ર સરકારે સમયસર નિર્ણય કરી યોગ્ય કાર્યવાહી કરી છે તેમ જણાવતા શ્રી પ્રદિપભાઈ ખીમાણીએ વિશેષ માહિતી આપતા જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે વટહુકમ રાષ્ટ્રપતિની સહી માટે મોકલી આપ્યો છે.



આ વટહુકમ પ્રમાણે દેશના સાત રાજ્ય ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ, તામિલનાડુ, કેરાલા, આંધ્રપ્રદેશ તથા તેલંગણાને પોતાની રાજ્ય સ્તરની પરીક્ષા દ્વારા પ્રવેશ આપવાનો અધિકાર આપ્યો છે જ્યારે બાકીના રાજ્યોમાં તે નીટ દ્વારા જ પ્રવેશ અપાશે તેમ જાણવા મળેલ છે. ગુજરાત રાજ્યમાં કુલ ૩૪૮૦ મેડીકલ (એમ.બી.બી.એસ.)ની સીટ છે તેમાંથી ૬૫૦ સીટ નીટ દ્વારા ભરાશે. જ્યારે બાકીની સીટ ૨૮૩૦ સીટ ગુજકેટ દ્વારા ભરવામાં આવશે.

ગુજરાતમાં ગયા વર્ષે જે કોલેજોએ ગુજકેટ દ્વારા પ્રવેશ આપ્યો હતો તે બધી જ કોલેજો ગુજકેટ દ્વારા પ્રવેશ આપી શકશે પરંતુ જે કોલેજ, યુનિવર્સિટીએ પોતાની સ્વતંત્ર પરીક્ષા લીધી હતી તેમણે નીટ દ્વારા પ્રવેશ આપવાનો રહેશે.

ગુજરાત રાજ્યમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણી, આરોગ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રીમતિ વસુબેન ત્રિવેદી, શ્રી નાનુભાઈ વાનાણી તથા ગુજરાત ભારતીય જનતા પાર્ટીના અનેક આગેવાનોએ આ બાબતે કરેલા પ્રયાસોને બીરદાવી શ્રી પ્રદિપભાઈ ખીમાણીએ સૌનો આભાર માની અભિનંદન પાઠવેલ છે.



**પ્રદિપ ખીમાણી**
**(શિક્ષણશાસ્ત્રી),**
**સરસ્વતી હાઇસ્કૂલ,**
**જૂનાગઢ**

## નીટના અભ્યાસ ક્રમ પર વિવિધ તજજ્ઞો કાર્યરત છે અને મોટા ભાગે એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમ આધારીત રહેશે.

### આવો જોઈએ નીટનો ઘટનાક્રમ

(૧) ૨૦૧૨ પહેલાં સી.બી.એસ.ઈ. દ્વારા એઆઈપીએમટી ફોર્મ પ્રમાણે બે થ્રી મેડિકલ ટેસ્ટ યોજાતી
(૨) ૨૦૧૨માં સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં એક દેશ એક ટેસ્ટની યોજના ઘડી.
(૩) ફેબ્રુઆરી, ૨૦૧૩ વિવિધ રાજ્યોની ૮૦થી વધુ સંસ્થાઓમાંથી ખાસ કરીને વિરોધ સૂર ઉઠ્યા.
(૪) મે, ૫, ૨૦૧૩ પ્રથમવાર ટેસ્ટ યોજાઈ.
(૫) જુલાઈ, ૧૮, ૨૦૧૩ ૨-૧થી નીટનો ચૂકાદો આવ્યો તેની યોગ્યતાને લઈને જેમાં વધુ તરફેણ નીટની થઈ.
(૬) ઓક્ટોબર, ૧૩, ૨૦૧૩ સુપ્રીમ કોર્ટમાં ફરીથી ચૂકાદાની વિરુદ્ધમાં અરજી થઈ.
(૭) મે, ૨૦૧૪ સી.બી.એસ.ઈ. દ્વારા નીટ યોજાઈ.
(૮) એપ્રિલ ૭, ૨૦૧૬ સુપ્રીમ કોર્ટ દ્વારા કાળજીપૂર્વક પરીક્ષાની સમજણ મેળવાઈ
(૯) એપ્રિલ ૧૧, ૨૦૧૬ સુપ્રીમ કોર્ટ દ્વારા સામન્ય એક જ પરીક્ષાનો દ્રઢ ચૂકાદો.
(૧૦) એપ્રિલ ૨૮, ૨૦૧૬ નીટ લેવાશે જ ચાલો પરીક્ષાની તૈયારીમાં લાગી જાઓ.
(૧૧) એપ્રિલ ૨૯, ૨૦૧૬ સરકાર ફરી સુપ્રીમ કોર્ટમાં સરકારે વ્યવહારીક સમસ્યાઓની વાત કરી.
(૧૨) મે ૧, ૨૦૧૬ સી.બી.એસ.ઈ. દ્વારા નીટની પ્રથમ કસોટી યોજાઈ અનેક વિદ્યાર્થીઓ હાજર રહ્યાં.
(૧૩) મે ૩, ૨૦૧૬ સુપ્રીમની સહમતી.
(૧૪) મે ૫, ૨૦૧૬ અંતે સુપ્રીમની સહમંતી અને ચોખવટથી રાજ્યો દ્વારા પ્રાઇવેટ સંસ્થાઓ દ્વારા યોજાઈ.



**આશીષ દવે**
**આચાર્ય,**
**પાઠક સ્કૂલ, રાજકોટ**

**જૂનાગઢની સરસ્વતી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ધો. ૧૨ કોમર્સમાં બોર્ડ ફર્સ્ટ કુ.બસન ફોરમ તથા કુ. શીવાંગી ચૌહાણ ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ ફર્સ્ટ..... સરસ્વતી સ્કૂલનું પરિણામ ૯૮.૭૧ %**

જૂનાગઢમાં માંગનાથ રોડ પર ચાલતી જાણીતી શૈક્ષણિક સંસ્થા સરસ્વતી હાઈસ્કૂલના સંચાલકો શ્રી પ્રદિપભાઈ ખીમાણી, શ્રી જગદીશભાઈ ખીમાણી, શ્રી નરેશભાઈ ખીમાણી તથા શ્રી રઘુભાઈ ખીમાણીની યાદી જણાવે છે કે.. જાહેર થયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં જૂનાગઢની સરસ્વીત હાઈસ્કૂલની બે વિદ્યાર્થીનીઓ ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ ફર્સ્ટ જાહેર થયેલ છે. જૂનાગઢની આઝાદી બાદ ઐતિહાસિક રીતે જોઈએ તો કોઈપણ સ્કૂલમાંથી બે વિદ્યાર્થીઓએ બોર્ડ ફર્સ્ટ મેળવ્યો હોય તેવો આ પ્રથમ બનાવ છે. સરસ્વતી હાઈસ્કૂલનું પરિણામ ૯૮.૭૧% છે. ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને સરસ્વતી હાઈસ્કૂલના સંચાલકો શ્રી પ્રદિપભાઈ ખીમાણી, શ્રી જગદીશભાઈ ખીમાણી, શ્રી નરેશભાઈ ખીમાણી તથા શ્રી રઘુભાઈ ખીમાણીએ અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી છે. ધોરણ ૧૨ની સાથે સાથે ધોરણ ૧૦નું પરિણામ તેટલું જ સારું આવ્યું છે.

*ADVT



ફોરમ બસન
ધોરણ ૧૦, ૯૮%



શીવાંગી ચૌહાણ
ધોરણ ૧૦, ૯૯.૯૯%



ભૌતિક ફટાણીયા
ધોરણ ૧૦, ૯૮.૪૨%



કેયુર કઠેસીયા
ધોરણ ૧૦, ૯૮.૬૧%

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad. All articles have been selected and scrutinized by the Chief Editor Ms Hemangini Rajput, The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386